RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 339 Dt. 14-06-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# અમેરિકા- ઈરાન વચ્ચે પરમાણુ ડીલ!

## ડીલ સાઈન થતાં જ હોર્મુઝની સામુદ્રધુની તમામ માટે ખુલી જશે, ઓબામાની જેમ આ વખતે કોઈ રોકડની લેણ-દેણ નહીં થાયઃ પાક. પીએમ શહેબાઝ શરીફે પણ ૨૪ કલાકમાં સમજૂતીની પુષ્ટિ કરી, જ્યારે ઈરાની મીડિયાએ હજુ પણ કેટલાક મુદ્દાઓ અણઉકેલાયા હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૧૨

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભારે લશ્કરી તણાવ વચ્ચે વૈશ્વિક રાજકારણને હચમચાવી મૂકતા એક સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાવાર જાહેરાત કરીને જણાવ્યું છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે આવતીકાલે એક ઐતિહાસિક પરમાણુ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવશે. ટ્રમ્પે દાવો કર્યો છે કે આ કરાર પર સહી થતાંની સાથે જ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) આંતરરાષ્ટ્રીય વેપાર અને તમામ દેશો માટે તરત જ ખોલી દેવામાં આવશે. ટ્રમ્પની આ આશ્ચર્યજનક જાહેરાત એવા સમયે આવી છે જ્યારે હોર્મુઝ અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારોમાં અમેરિકા અને ઈરાનની સેનાઓ સામસામે ગોઠવાયેલી છે અને યુદ્ધ જેવી સ્થિતિ બનેલી છે. આ તરફ




પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફે પણ આ વાતને સમર્થન આપતા વૈશ્વિક મંચ પર જાહેર કર્યું છે કે આગામી ૨૪ કલાકની અંદર અમેરિકા અને ઈરાન વચ્ચે ઐતિહાસિક કરાર થઈ શકે છે. જો કે, બીજી બાજુ ઈરાનના સત્તાવાર મીડિયાનું કહેવું છે કે હજુ પણ બંને દેશો વચ્ચે કેટલાક એવા સંવેદનશીલ મુદ્દાઓ છે, જેના પર સંપૂર્ણ સહમતિ બનવાની બાકી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક વિગતવાર પોસ્ટ લખીને પૂર્વ રાષ્ટ્રપતિ ઓબામા પર આકરા પ્રહારો કર્યા હતા. ટ્રમ્પે લખ્યું કે, ઈરાન સાથે બરાક હુસૈન ઓબામાએ જે પરમાણુ ડીલ (ઉંઈડ્ઘઅ) કરી હતી તે ઈરાન માટે પરમાણુ હથિયાર મેળવવાનો એક સાવ સરળ, શાનદાર અને સીધો રસ્તો હતો. જો તે જૂની ડીલ ચાલુ રહી હોત તો ઈરાન પાસે છ વર્ષ પહેલા જ પરમાણુ બોમ્બ આવી ગયા હોત અને કદાચ તેઓ અત્યાર સુધીમાં તેનો ઉપયોગ પણ કરી ચૂક્યા હોત. પરંતુ ઈરાન સાથેની મારી આ નવી સમજૂતી તેનાથી બિલકુલ ઉલટી છે, જે ઈરાન માટે પરમાણુ હથિયાર ન મેળવવાની એક મજબૂત દીવાલ સમાન સાબિત થશે. હવે ઈરાન પોતે પણ પરમાણુ હથિયાર ઈચ્છતું નથી અને તેમની પાસે ક્યારેય કોઈ પરમાણુ હથિયાર હશે પણ નહીં-પછી ભલે તે ખરીદીને, જાતે બનાવીને કે અન્ય કોઈ પણ રીતે મેળવવાનો પ્રયત્ન કરે.

ટ્રમ્પે પોતાની પોસ્ટમાં આગળ ઉમેર્યું હતું કે, આ ડીલ પર આવતીકાલે સહી થવાની છે અને સહી થતાં જ હોર્મુઝ જળમાર્ગ ખુલી જશે. ઈરાન સાથેના અમારા સંબંધો અગાઉની સરકારોની સરખામણીએ ખૂબ જ અલગ અને ઘણા સારા છે. ઓબામાએ ઈરાનને જે અબજો ડોલર આપ્યા હતા, જેમાં ૧.૭ અબજ ડોલર રોકડા (કેશ) સામેલ હતા, તેનાથી વિપરીત આ વખતે અમારી ડીલમાં કોઈ પણ પ્રકારના પૈસાની લેણ-દેણ થવાની નથી. જ્યારે યોગ્ય સમય આવશે અને બધું શાંત થઈ જશે, ત્યારે અમે અમારા અત્યંત આધુનિક 'બી-૨ બોમ્બર' (ઇ-૨ ઇજ્ઞળબયિ) વિમાનો અને તેમના કુશળ પાયલોટોની મદદથી ત્યાં જઈશું અને ગ્રેનાઈટના પહાડોની નીચે ઊંડે દબાયેલી પરમાણુ સામગ્રી (ન્યુક્લિયર ડસ્ટ) ને બહાર કાઢીને તેને સંપૂર્ણપણે નિષ્ક્રિય કરીને નષ્ટ કરી દઈશું-પછી ભલે તે ઈરાનમાં કરવામાં આવે કે અમેરિકામાં. આ સાથે જ ટ્રમ્પે છેલ્લે ઈરાનને કડક ચેતવણી આપતા જણાવ્યું હતું કે, અમે ભવિષ્યમાં ઈરાન અને સમગ્ર મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) સાથે મળીને કામ કરવા ઉત્સુક છીએ અને આશા રાખીએ છીએ કે આ આખી પ્રક્રિયા ઝડપથી, સરળતાથી અને કોઈ પણ અવરોધ વિના પૂરી થઈ જાય. પરંતુ જો એવું નહીં થાય, તો અમારી પાસે 'આખરી વિકલ્પ' પણ તૈયાર જ છે, જો કે આશા છે કે તેનો ઉપયોગ કરવાનો ક્યારેય વારો નહીં આવે.

### NEET વિવાદ બાદ રાહુલ ગાંધી લડી લેવાના મૂડમાં

# કોટાથી શરૂ કરશે પેપર લીક વિરૂદ્ધ દેશવ્યાપી આંદોલન

## વિરોધ પક્ષના નેતા આગામી ૧૭ જૂનથી દેશના ૪ મોટા શહેરોમાં વિદ્યાર્થી સંમેલનો ગજવશેઃ શિક્ષણ મંત્રીના રાજીનામા અને પરીક્ષા ફી નાબૂદીની માંગ સાથે કોંગ્રેસ આરપારના મૂડમાં

નવી દિલ્હી, તા. ૧૩

દેશમાં **NEET** પરીક્ષાના પેપર લીક વિવાદ, કરોડો રૂપિયાના કૌભાંડો અને શૈક્ષણિક ગેરરીતિઓને લઈને રાજકીય માહોલ ગરમ છે ત્યારે કોંગ્રેસ પાર્ટીએ આ મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરવા માટે દેશવ્યાપી આંદોલનનું રણશિંગું ફૂંકી દીધું છે. કોંગ્રેસ પાર્ટીએ આજે ૧૩ જૂનના રોજ એક મોટી જાહેરાત કરતા જણાવ્યું છે કે, પક્ષના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આગામી ૧૭ જૂનથી રાજસ્થાનના પ્રખ્યાત કોચિંગ હબ કોટાથી પેપર લીક, પરીક્ષાઓની અનિયમિતતાઓ અને બેરોજગારી વિરુદ્ધ એક પ્રચંડ રાષ્ટ્રીય આંદોલનની શરૂઆત કરશે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી કે. સી. વેણુગોપાલે આ અંગે સત્તાવાર નિવેદન જાહેર કરીને આંદોલનના પ્રથમ તબક્કાની આખી રૂપરેખા આપી છે. તેમણે મોદી સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા ભારતના કરોડો યુવાનો સાથે કરવામાં આવી રહેલા વ્યવસ્થિત વિશ્વાસઘાત અને પરીક્ષાઓના કૌભાંડો સામે રાહુલ ગાંધી દેશભરના પીડિત વિદ્યાર્થીઓ અને ઉમેદવારોના અવાજને સંસદથી લઈને સડક સુધી બુલંદ કરશે.

આ ભવ્ય જન આંદોલનના પ્રથમ તબક્કા હેઠળ રાહુલ ગાંધી દેશના વિવિધ રાજ્યોમાં ૪ મોટા વિદ્યાર્થી સંમેલનો (**Student Conventions**) ને સંબોધિત કરશે અને અસરગ્રસ્ત યુવાનો સાથે સીધો સંવાદ કરશે. આ રાષ્ટ્રીય અભિયાનના શિડ્યુલ અનુસાર, આગામી ૧૭ જૂને રાજસ્થાનના કોટાથી તેની ભવ્ય શરૂઆત થશે. ત્યારબાદ આગામી ૨૭ જૂને ઉત્તર પ્રદેશના અલ્હાબાદ (પ્રયાગરાજ), ૧૦ જુલાઈના રોજ બિહારના પટના અને ૧૪ જુલાઈએ દેશની રાજધાની નવી દિલ્હી ખાતે વિદ્યાર્થી મહાસંમેલન યોજાશે. આ દેશવ્યાપી ઝુંબેશને સફળ બનાવવા માટે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ **NSUI**, યુવા કોંગ્રેસ, તમામ પ્રદેશ કોંગ્રેસ સમિતિઓ (**PCCs**) અને જિલ્લા કોંગ્રેસ સમિતિઓ (**DCCs**) દ્વારા મોટા પાયે આઉટરીચ પ્રોગ્રામ શરૂ કરી દેવાયા છે. દેશભરના કોચિંગ સેન્ટરો, યુનિવર્સિટીઓ, હોસ્ટેલો અને સોશિયલ મીડિયાના માધ્યમથી લાખો વિદ્યાર્થીઓ સુધી પહોંચીને આ લડાઈને વધુ મજબૂત બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.આ સિવાય ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ પરથી ભાર ઓછો કરવા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે લેવાતી ઓનલાઈન કે ઓફલાઈન ફોર્મ ફી સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવે, પેપર લીક રેકેટ અને ખનીજ માફિયાઓની જેમ શૈક્ષણિક કૌભાંડોમાં સંકળાયેલા માફિયાઓ વિરુદ્ધ દેશમાં કડક કાનૂની પગલાં લેવાય અને દેશના કરોડો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા આ મસમોટા ખિલવાડની નૈતિક જવાબદારી સ્વીકારીને કેન્દ્રીય શિક્ષણ મંત્રી તાત્કાલિક પ્રભાવથી પોતાના પદ પરથી રાજીનામું આપે તેવી માંગણી કરાશે.

રાજસ્થાનનું કોટા દર વર્ષે **JEE** અને **NEET** જેવી અઘરી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે દેશભરમાંથી આવતા લાખો વિદ્યાર્થીઓનું મુખ્ય ગઢ ગણાય છે. તાજેતરમાં જ રાજસ્થાનના અન્ય એક જાણીતા કોચિંગ હબ ગણાતા સીકર (**Sikar**) માં **NEET** પરીક્ષાનું પેપર લીક થયું હોવાનો મોટો ખુલાસો થયો હતો, જેના કારણે સમગ્ર દેશના શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. આગામી ૨૧ જૂનના રોજ યોજાનારી **NEET**ની રી-એક્ઝામ (**Re-Exam**) થી દેશના ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પ્રભાવિત થયા છે, અને તેમના ભવિષ્ય અધ્ધરતાલ છે. આ જ મુખ્ય કારણ છે કે, રાહુલ ગાંધીએ યુવાનોના આક્રોશને યોગ્ય વાચા આપવા માટે કોટાની ભૂમિ પરથી જ આ આંદોલન શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. અગાઉ પણ, ડિસેમ્બર ૨૦૨૨માં પોતાની 'ભારત જોડો યાત્રા' દરમિયાન રાહુલ ગાંધીએ કોટામાં અઠવાડિયું રોકાઈને વિદ્યાર્થીઓ સાથે તેમની સમસ્યાઓ અંગે ખાસ સંવાદ કર્યો હતો.

### દાન ચોરી પ્રકરણમાં યુપી સરકાર હરકતમાં

# અયોધ્યા રામ મંદિર દાન ચોરી મામલે SITની રચના

## ટ્રસ્ટની વિનંતી પર એસઆઈટી, આઈપીએસ અને ફાઈનાન્સ સેક્રેટરીની ટીમ ૭ દિવસમાં આપશે રિપોર્ટઃ એસઓજીએ શંકાસ્પદ કર્મચારી લવકુશ મિશ્રાને દબોચ્યો, કરોડો ભક્તોની આસ્થા સાથે ખિલવાડ નહીં થાય તેમ મંત્રી સૂર્ય પ્રતાપ શાહીનું આશ્વાસન

નવી દિલ્હી, તા. ૧૩

અયોધ્યાના ભવ્ય રામ જન્મભૂમિ મંદિરમાં દેશ-વિદેશના કરોડો શ્રદ્ધાળુઓ દ્વારા અર્પણ કરવામાં આવતા દાનમાં નાણાકીય ગેરરીતિઓ અને ચોરીનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યા બાદ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા તપાસનો ધમધમાટ તેજ કરી દેવામાં આવ્યો છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની સત્તાવાર વિનંતીને ધ્યાને લઈને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સરકારે આ આખા કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે એક હાઈ-લેવલ વિશેષ તપાસ દળ (**SIT**) ની રચના કરી છે. બીજી તરફ, સ્થાનિક સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (**SOG**) એ પણ તાબડતોબ એક્શન લઈને દાનપાત્રની રોકડ ગણતરી સાથે જોડાયેલા એક શંકાસ્પદ કર્મચારીની અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધરી છે. તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, દાનપાત્રોમાં જમા થતી કરોડોની



રકમની ગણતરી સાથે જોડાયેલા કેટલાક અન્ય સ્ટાફ મેમ્બર્સ અને કર્મચારીઓ પણ હાલ તપાસના દાયરામાં છે, જેમાં સમગ્ર કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે મંદિર પરિસરના હાઈ-ડેફિનેશન સીસીટીવી (**CCTV**) ફૂટેજ, શંકાસ્પદો પાસેથી થયેલી રોકડ રકમની રિકવરી અને ટેકનિકલ પુરાવાઓને મુખ્ય આધાર બનાવવામાં આવ્યા છે.

ઉત્તર પ્રદેશ શાસન દ્વારા ગઠિત કરાયેલી આ હાઈ-લેવલ **SIT**ના અધ્યક્ષ તરીકે લખનૌના કમિશનર અને સિનિયર આઈએએસ (**IAS**) ઓફિસર વિજય વિશ્વાસ પંતને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ વિશેષ તપાસ ટીમમાં તેમની સાથે આઈપીએસ (**IPS**) અધિકારી કિરણ એસ. અને નાણાં વિભાગના વિશેષ સચિવ નીલ રતનને સભ્યો તરીકે સામેલ કરાયા છે. આ કમિટીને આગામી ૭ દિવસની અંદર સમગ્ર મામલે પોતાનો પ્રારંભિક અહેવાલ રજૂ કરવાના કડક આદેશ અપાયા છે, જ્યારે ૧૫ દિવસની અંદર આખરી અને અંતિમ વિગતવાર તપાસ રિપોર્ટ શાસનને સોંપવાનો રહેશે. દરમિયાન, એસઓજી (**SOG**) ની ટીમે રુદૌલીના શુજા ગંજ વિસ્તારના મીનાપુર ફગૌલી ગામના રહેવાસી લવકુશ મિશ્રા નામના યુવકને કસ્ટડીમાં લીધો છે. દાનપાત્રોમાંથી રકમની ગણતરી અને નાણાકીય રેકોર્ડની જાળવણીમાં તેની શું ભૂમિકા હતી તે અંગે લોખંડી પૂછપરછ ચાલી રહી છે, અને તપાસ દરમિયાન તેની પાસેથી મોટી માત્રામાં રોકડ રકમ પણ મળી આવી હોવાની ચર્ચા છે, જો કે તેની હજુ સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

આ ભારે આર્થિક વિવાદ અને સનસનાટી વચ્ચે રામ મંદિર કન્સ્ટ્રક્શન કમિટીના ચેરપર્સન અને નિવૃત્ત **IAS** અધિકારી નૃપેન્દ્ર મિશ્રા શનિવારે અયોધ્યા પહોંચ્યા હતા, જ્યાં તેમણે મંદિર પરિસરમાં ચાલી રહેલા બીજા તબક્કાના વિવિધ નિર્માણ કાર્યોની બારીકાઈથી સમીક્ષા કરી હતી. જો કે, દાન ચોરીના આ ચકચારી પ્રકરણ અંગે તેમણે કોઈ પણ ટિપ્પણી કરવાનો સ્પષ્ટ ઇનકાર કરતા જણાવ્યું હતું કે, 'મારી જવાબદારી માત્ર નિર્માણ કાર્યોની દેખરેખ અને મોનિટરિંગ કરવા પૂરતી સીમિત છે, અને હું અહીં માત્ર તે જ કામની સમીક્ષા માટે આવ્યો છું.' આ ગંભીર મામલે ઉત્તર પ્રદેશના કેબિનેટ મંત્રી સૂર્ય પ્રતાપ શાહીએ સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું છે કે, રામ મંદિર ટ્રસ્ટે આંતરિક તપાસ શરૂ કરી દીધી છે અને દોષિતો સામે નિયમો મુજબ કડક કાયદાકીય કાર્યવાહી કરાશે. તેમણે દેશના કરોડો રામભક્તોને મજબૂત આશ્વાસન આપતા ઉમેર્યું હતું કે પ્રભુ શ્રી રામના દરબારમાં કોઈપણ શ્રદ્ધાળુની પવિત્ર આસ્થા સાથે ખિલવાડ થવા દેવામાં આવશે નહીં.

Spree
KK HOTEL By Spree
Taste Stay Celebrate
દરેક થાળીમાં અનલિમિટેડ ખુશીઓનો સ્વાદ
12:00 to 15 Hrs
Unlimited 350/- Per Person

Kalawad Road, Kotecha Circle, Near M.V. Dhulashia School, Kailash Nagar, Rajkot - 360007
0281 245 4433 +91 9512020653 +91 9512020487 +91 9512009400

### વિશ્વ રક્તદાતા દિવસઃ વિજ્ઞાન ગમે તેટલી પ્રગતિ કરે, પણ..

# માનવ લોહીનો કોઈ વિકલ્પ નથી!

## રાજકોટનું 'બડા બજરંગ ફાઉન્ડેશન' ૭૦૦થી વધુ થેલેસેમિયા મેજર બાળકો માટે બન્યું આશાનું કિરણઃ આજે ૧૪ જૂન 'વર્લ્ડ બ્લડ ડોનર ડે' પર રક્તદાન કરવા અપીલ

રાજકોટ, તા.૧૩

વિશ્વમાં દર બે મિનિટે કોઈને ને કોઈને રક્તની જરૂર પડે છે. માનવ શરીર માટે રક્ત એટલું જ મહત્વનું છે જેટલો ઓક્સિજન! આજે ૧૪ જૂન એટલે કે વિશ્વ રક્તદાતા દિવસ. રક્તના ગ્રૂપોની શોધ કરનાર અને નોબેલ પ્રાઈઝ વિજેતા ઓસ્ટ્રિયન વૈજ્ઞાનિક કાર્લ લેન્ડસ્ટેઈનરના જન્મદિવસને આખા વિશ્વમાં રક્તદાતાઓનો આભાર માનવા માટે ઉજવવામાં આવે છે. મુખ્યત્વે અ+, ઇ+, ઘ+, અઇ+ અને તેના નેગેટિવ (-) ગ્રૂપો ઉપરાંત હવે ઘણા નવા બ્લડ ગ્રૂપ પણ શોધાયા છે.

સમાજમાં એવી ખોટી માન્યતા છે કે રક્તદાનથી નબળાઈ આવે છે કે રોગપ્રતિકારક શક્તિ ઘટે છે, જે તદ્દન ખોટી છે. રક્તદાન કરવાના અનેક ફાયદા છેઃ રક્તદાન કરવાથી તમારા શરીરના ૧૬ જરૂરી રિપોર્ટ બિલકુલ મફત થાય છે. હૃદયના સ્ટ્રોકની શક્યતા ઘટી જાય છે અને મોટી ઉંમરે સાંધાના દુખાવા થતા નથી. શરીરમાં રહેલું વધારાનું ફેરેટીન (લોહતત્વ) અને સુગર રક્તદાન મારફતે નીકળી જાય છે અને ૨૪ કલાકમાં નવું રક્ત બનવા માંડે છે. તમારા એક વખતના રક્તદાનથી ૩ વ્યક્તિને



નવું જીવન મળે છે.૧૮ થી ૬૦ વર્ષની ઉંમર, ૫૦ કિલોથી વધુ વજન અને ૧૨.૫% થી વધુ હિમોગ્લોબિન ધરાવતી કોઈ પણ સ્ત્રી કે પુરુષ રક્તદાન કરી શકે છે. ભાઈઓ દર ૩ મહિને (૯૦ દિવસ) અને બહેનો દર ૪ મહિને (૧૨૦ દિવસ) રક્તદાન કરી શકે છે. (નોંધઃ ટેટુ કરાવ્યું હોય તો ૬ મહિના પછી અને મોટું ઓપરેશન કરાવ્યું હોય તો ૧ વર્ષ પછી રક્તદાન થઈ શકે).

રામનાથ પરા, રાજકોટ ખાતે આવેલું બડા બજરંગ ફાઉન્ડેશન રક્તદાતા ગ્રૂપ ચલાવીને માનવતાની મહેક ફેલાવી રહ્યું છે. રાજકોટ જિલ્લામાં ૭૦૦ થી વધુ થેલેસેમિયા મેજર બાળકો છે, જેમને દર ૧૫ દિવસે નવું લોહી ચડાવવું પડે છે. આ માસૂમ બાળકો લોહીના અભાવે હેરાન ન થાય તે માટે આ સંસ્થા રાત-દિવસ બ્લડ કેમ્પો યોજીને અને રક્તદાતાઓનો સંપર્ક કરીને લોહી પૂરું પાડે છે. સંસ્થાના પ્રમુખ કલ્પેશભાઈ ગમારા અને મંત્રી વિજયભાઈ પુનવાણી સભ્યો સાથે મળીને આ વાલીઓ માટે આશાનું કિરણ બન્યા છે.

"કુદરતની આ અદભુત મોનોપોલી છે કે વિજ્ઞાન કૃત્રિમ લોહી નથી બનાવી શક્યું. લોહી માત્ર માણસ જ માણસને આપી શકે છે. જો તમે રક્તદાન કરશો તો તમારું લોહી ૨૪ કલાકમાં શરીરમાં ફરી બની જશે, પરંતુ સમયસર લોહી ન મળવાને કારણે જો કોઈનું સ્વજન દુનિયા છોડીને ચાલ્યું જશે, તો એ ક્યારેય પાછું નહીં આવે! માત્ર ૧૪ જૂન જ નહીં, રક્તદાન માટે તો દરેક દિવસ હોવો જોઈએ." રક્તદાન કરવા અથવા રક્તની મદદ મેળવવા સંસ્થાના પ્રમુખ કલ્પેશભાઈ નો ૮૧૨૮૮ ૮૮૮૩૫ તેમજ વિજયભાઈ પુનવાણી (મંત્રી): ૯૪૨૬૫ ૦૯૯૯૬, બડા બજરંગ ફાઉન્ડેશન, રામનાથ પરા, રાજકોટનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# સગર્ભાઓ અંગે આરોગ્ય મંત્રીના શરમજનક નિવેદન પછી વિવાદ

### પ્રધાન ગજેન્દ્ર સિંહની ટિપ્પણીએ વ્યાપક હોબાળો

જયપુર, તા.૧૩

આરોગ્ય મંત્રી ગજેન્દ્ર સિંહની ટિપ્પણીએ રાજસ્થાનમાં રાજકીય તોફાન ઊભું કર્યું છે. તેમણે કહ્યું હતું કે, શું આ ગર્ભવતી મહિલાઓ ગંભીર હાલતમાં ઝંઇખ હોસ્પિટલમાં પહોંચી હતી, કે પછી તેઓ નાચતા અને ગાતા આવી હતી?

બીકાનેરની ઝંઇખ હોસ્પિટલમાં છ માતાઓની બગડતી સ્થિતિ અંગેના પ્રશ્નોના જવાબ આપતી વખતે કરવામાં આવેલી આ ટિપ્પણીને અસંવેદનશીલ માનવામાં આવે છે. ગુરુવારે બિકાનેરની સૌથી મોટી સરકારી તબીબી સુવિધા હોસ્પિટલની મુલાકાત દરમિયાન મંત્રી દ્વારા આ ટિપ્પણી કરવામાં આવી હતી. ઈંઈઞ નું નિરીક્ષણ કરતી વખતે, પત્રકારોએ તેમને સિઝેરિયન ડિલિવરી પછી જેમની હાલત ગંભીર બની ગઈ હતી તે મહિલાઓ વિશે પૂછ્યું હતું. આ હોસ્પિટલનો બચાવ કરતા સિંહે મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ ડો. સુરેન્દ્ર વર્મા તરફ ઈશારો કરીને કહ્યું, તમે તેમને કહો - શું આ ગર્ભવતી મહિલાઓ ગંભીર હાલતમાં ઝંઇખ આવી હતી, કે પછી તેઓ નાચતા અને ગાતા અહી આવી હતી?

મંત્રીની ટિપ્પણીનો હેતુ એવો હતો કે જ્યારે તેઓ હોસ્પિટલ આવી ત્યારે મહિલાઓ પહેલાથી જ ગંભીર રીતે બીમાર હતી, અને આ ટિપ્પણી ઝડપથી વાયરલ થઈ ગઈ અને તેની વ્યાપક ટીકા થઈ રહી છે.

રાજસ્થાનની સરકારી હોસ્પિટલોમાં ગર્ભવતી મહિલાઓ સાથે સંકળાયેલી શ્રેણીબદ્ધ ઘટનાઓ વચ્ચે આ વિવાદ ઉભો થયો છે. ગયા મહિને, કોટાની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સી-સેક્શન ડિલિવરી પછી પાંચ મહિલાઓના કિડની ફેલ્યોરને કારણે મૃત્યુ થયા હતા. તે પછી તપાસમાં ગંભીર પ્રણાલીગત ખામીઓ બહાર આવી.

મંત્રીની મુલાકાત દરમિયાન હોસ્પિટલની બહાર વિરોધ પ્રદર્શનો શરૂ થયા, જેમાં યુવા કોંગ્રેસના કાર્યકરોએ અનિશ્ચિત સમય માટે ધરણા કર્યા અને પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો, જેના કારણે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. મુખ્ય ગેટ પર મહિલા કોંગ્રેસના કાર્યકરો વચ્ચે થયેલી ઝપાઝપીમાં ઘણી મહિલાઓ રસ્તા પર પડી ગઈ હોવાના અહેવાલ છે.

# લોકરક્ષક કેડરની ૧૨,૭૩૩ જગ્યાની આજે પરીક્ષા

### ૨.૬૩ લાખથી વધુ ઉમેદવારો આપશે કસોટી

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત પોલીસ હેઠળ ભરતી જાહેરાત ક્રમાંક **GPRB**/૨૦૨૫૨૬/૧ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા આવતીકાલે રવિવારે ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ રાજ્યભરમાં યોજાશે. લોકરક્ષક દળની કુલ ૧૨,૭૩૩ જગ્યાઓ માટે આ પરીક્ષા યોજાઈ રહી છે, જેમાં રાજ્યભરના ૨.૬૩ લાખથી વધુ ઉમેદવારો પોતાની કસોટી આપશે. પરીક્ષાના સુચારુ સંચાલન માટે રાજ્યની કુલ ૮૭૯ શાળા અને કોલેજોમાં પરીક્ષા કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી છે.પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની શારીરિક પરીક્ષાનું પરિણામ ગત ૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. શારીરિક કસોટીમાં સફળતાપૂર્વક પાસ થયેલા કુલ ૧,૭૩,૯૪૦ પુરુષ ઉમેદવારો અને ૮૯,૪૦૫ મહિલા ઉમેદવારો મળીને કુલ ૨,૬૩,૩૪૫ લાખથી વધુ ઉમેદવારો આજે ક્ર્ઇ઼ઉની લેખિત પરીક્ષામાં બેસશે.



પરીક્ષા કેન્દ્ર પર બાયોમેટ્રિક હાજરી અને વેરિફિકેશનની પ્રક્રિયા સમયસર પૂર્ણ થઈ શકે તે માટે ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને પોતાના પરીક્ષા કેન્દ્ર ખાતે સમયસર પહોંચવા માટે ખાસ સૂચન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પરીક્ષા અંગેની કોઈપણ પ્રકારની સચોટ અને અધિકૃત માહિતી માટે ઉમેદવારોએ ફક્ત ગુજરાત પોલીસ ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ **gprb.gujarat.gov.in** તથા બોર્ડના ઓફિશિયલ ડ એટલે કે ટ્વિટર હેન્ડલને જ ચેક કરતા રહેવું. લોકરક્ષક કેડરની આ ભરતીમાં કુલ ૧૨,૭૩૩ જગ્યાઓનો સમાવેશ થાય છે. જેમાં બિન-હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૬,૯૪૨ જગ્યાઓ, હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલની ૨,૪૫૮ જગ્યાઓ, હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ **SRPF**ની ૩,૦૦૨ જગ્યાઓ, જેલ સિપાહી પુરુષની ૩૦૦ જગ્યાઓ તેમજ જેલ સિપાહી મહિલા અને મેટ્રનની ૩૧ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ તમામ પોસ્ટ પર ખરા ઉતારવા માટે પોણા ત્રણ લાખ જેટલા ઉમેદવારો આવતીકાલે પરીક્ષાના મેદાનમાં ઉતરીને નસીબ અજમાવશે.

# પ્રમુખ સ્વામી ઓડિટોરિયમમાં વેદ મહોત્સવ

### 'વ્યવહારમાં વેદ' ની વાતોની સરળ સમજણ પામવા સર્વેને ભાવભર્યું આમંત્રણ

રાજકોટ, તા.૧૩

આ વેદ કથામાં પૂજ્ય શ્રી ત્યાગવલ્લભ સ્વામીશ્રી; સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્યો સર્વશ્રી ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલારા અને શ્રી જયેશભાઈ રાદડિયા ઉપરાંત રાજકોટના મેયર શ્રી નેહલભાઈ શુક્લ, પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ માકડીયા ,રાજકોટ ચેમ્બરના પ્રમુખ શ્રી વી.પી. વૈષ્ણવ વિવિધ એન્જિનિયરિંગ એસો.ના અધ્યક્ષ સર્વશ્રી નરેન્દ્રભાઈ પાચાણી, નરેન્દ્રસિંહ જાડેજા અમૃતભાઈ ગઢીયા તેમજ સમાજના અગ્રણીઓ સર્વશ્રી ગોવિંદભાઈ ખુંટ , જયરામભાઈ વાસજાળીયા અને શીખ સમાજના અગ્રણી શ્રી હરિસિંહ સુચરીયા ખાસ ઉપસ્થિત રહેશે. આગામી ૧૪ મી જુન રવિવારના રોજ રાજકોટના આંગણે ભવ્ય વેદ મહોત્સવ યોજાઈ રહ્યો છે જેમાં શહેર, રાજ્યના ગણમાન્ય મહાનુભાવો સહિત ૧૦૦૦ થી પણ વધુ લોકો સાક્ષી બનવા જઈ રહ્યા છે .આ અંગે વૈદિક મહાસભાના પ્રમુખ અધ્યેતા સુરેશચંદ્ર આર્ય એક અખબારી યાદીમાં જણાવે છે કે મનુષ્ય જીવનને સરળ રીતે જીવી શકાય તે માટે ઈશ્વરે ચાર વેદોનું જ્ઞાન આપ્યું છે. આ વેદમાં દર્શાવેલી સફળતાની ચાવીઓ સામાન્ય જનને પણ સમજમાં આવે તે માટે રવિવારે રૈયા રોડ પર આવેલ પ્રમુખસ્વામી ઓડિટોરિયમ



માં બપોરના ૨-૩૦ થી ૬-૩૦ એમ ચાર કલાકનું 'વ્યવહારમાં વેદ 'અંગેનું પ્રવચન જાણીતા વેદ વિદ્વાન અધ્યેતા શ્રી સુરેશચંદ્ર આર્ય દ્વારા આપવામાં આવશે . યાદીમાં વધુમાં જણાવ્યું છે કે વૈદિક મહાસભાની સ્થાપના દુબઈમાં થયા બાદ છેલ્લા અઢી દાયકાથી પણ વધુ સમયથી રાજકોટમાં વેદ, ઉપનિષદ, દર્શનશાસ્ત્રો વગેરેના પ્રચાર પ્રસાર માટે સાપ્તાહિક સત્સંગ, વિદ્યાર્થી શિબિર, વેદકથા, વૈદિક સંસ્થાઓના પ્રવાસ વગેરેનું આયોજન થાય છે .આગામી ૧૪ જૂન રવિવારની શિબિર આવા જ પ્રકારનું એક આયોજન કરવામાં આવેલ છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે રવિવારની વેદ શિબિર નો વિષય છે આપણા દૈનિક જીવનમાં 'વ્યવહારમાં વેદ' અને તેમાં રાજકોટના ૧૪ જેટલા મહાનુભાવો અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી ચાર કલાક સુધી કથા શ્રવણ કરશે. આ મહાનુભાવમાં સર્વશ્રી પૂજ્ય શ્રી ત્યાગવલ્લભ સ્વામી શ્રી ની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. તેમજ અતિથિ વિશેષ મહાનુભાવોમાં સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્યો સર્વશ્રી ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલારા અને શ્રી જયેશભાઈ રાદડિયા ઉપરાંત રાજકોટના મેયર શ્રી નેહલભાઈ શુક્લ, પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ માકડીયા ,રાજકોટ ચેમ્બરના પ્રમુખ શ્રી વી.પી. વૈષ્ણવ વિવિધ એન્જિનિયરિંગ એસોના અધ્યક્ષ સર્વશ્રી નરેન્દ્રભાઈ પાચાણી, નરેન્દ્રસિંહ જાડેજા અમૃતભાઈ ગઢીયા તેમજ સમાજના અગ્રણીઓ સર્વશ્રી ગોવિંદભાઈ ખુંટ , જયરામભાઈ વાસજાળીયા અને શીખ સમાજના અગ્રણી શ્રી હરિસિંહ સુચરીયા ખાસ ઉપસ્થિત રહી કથા શ્રવણનો લાભ લેશે. આ ઉપરાંત આ પ્રસંગે વિપુલ વૈદિક સાહિત્યનું પ્રદર્શન અને વેચાણ તથા જ્ઞાનવર્ધક પત્રિકાઓનું વિનામૂલ્ય વિતરણ કરવાનું પણ આયોજન છે. રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારના ધર્મ પ્રેમી સજ્જનોને આ સભામાં સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

### રમતમાં થયેલી એક નાની ભૂલ બની જીવનની સૌથી મોટી કસોટી

# કેમિકલ પી જતા બાળકે ગૂમાવી અન્નનળી!


## સિવિલ હોસ્પિટલના પીડીયાટ્રીક સર્જરી વિભાગના ડોક્ટરોએ જટીલ ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરી કરી ૩ વર્ષના અયાનને આપ્યું નવજીવન

ગાંધીનગર, તા.૧૩

નાનાં બાળકોની જિજ્ઞાસા ઘણી વખત ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે. આવી જ એક ગંભીર અને ચેતવણીરૂપ ઘટના સામે આવી છે, જેમાં ઘરે રમત રમતા સાબુ બનાવવા માટે વપરાતા કેમિકલનું પાણી પી જવાથી માત્ર ત્રણ વર્ષના બાળકની અન્નનળી લગભગ નકામી બની ગઈ હતી. પરંતુ અમદાવાદ સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગના નિષ્ણાત ડોક્ટરોની કુશળતા, ધીરજ અને ટીમવર્કના કારણે આ બાળક આજે ફરીથી મોઢેથી ખાઈ-પી શકે છે.જોધપુરના રહેવાસી અને હોસ્પિટલમાં કામ કરતા સરાફત અલીના પુત્ર અયાને તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દાદાના ઘરે રમતી વખતે આકસ્મિક રીતે સાબુ બનાવવા માટે વપરાતું કેમિકલ પી લીધું હતું. ત્યારબાદ તેને ગળામાંથી ખોરાક ઉતારવામાં ભારે તકલીફ થવા લાગી. કોઈપણ પ્રવાહી કે ઘન ખોરાક ગળી શકતો ન હોવાથી પરિવાર તેને નજીકની હોસ્પિટલમાં લઈ ગયો, પરંતુ તમામ પ્રાથમિક સારવાર છતાં તેની સ્થિતિમાં સુધારો થયો નહીં.વધુ તપાસમાં જાણવા મળ્યું કે કેમિકલના કારણે અન્નનળી ગંભીર



રીતે દાઝી જવાથી તે અત્યંત સાંકડી થઈ ગઈ હતી. અન્નનળીને પહોળી કરવાના પ્રયાસો પણ નિષ્ફળ રહ્યા. આખરે અયાનને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો.સિવિલ હોસ્પિટલમાં તપાસ બાદ તરત જ બાળકનું ફીડિંગ ગેસ્ટ્રોસ્ટોમી કરવામાં આવ્યું, જેથી પેટમાં સીધો ખોરાક આપી તેનું પોષણ જાળવી શકાય. ત્યારબાદ મહિનાઓ સુધી સતત ફોલોઅપ, પોષણની તૈયારી અને તબક્કાવાર મૂલ્યાંકન કરવામાં આવ્યું.આ કેસ અંગે વિગતો આપતા સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ અને પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડો.



રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, આ પ્રકારની સર્જરી ઉતાવળમાં કરી શકાતી નથી. બાળકનું યોગ્ય પોષણ, વજનમાં વધારો, જઠરની ક્ષમતાનું મૂલ્યાંકન અને વિવિધ નિષ્ણાતોની સંકલિત તૈયારી અત્યંત જરૂરી હોય છે.તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અયાનની વધુ સર્જિકલ પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હતી. જેમાં એની ગંભીર રીતે ખરાબ થયેલી અન્નનળી કાઢી નાખવામાં આવી અને ગળાના ભાગમાં કાણું કરવા માં આવ્યું. આખરે તા. ૨૦ મે,૨૦૨૬ ના રોજ ડો. રાકેશ જોષી, ડો.જયશ્રી રામજી અને તેમની પીડિયાટ્રિક સર્જરી વિભાગની ટીમે, તેમજ એનેસ્થેસિયા વિભાગના પ્રોફેસર ડો. સીમા ગાંધી અને તેમની ટીમે અતિ જટીલ એવી ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરી સફળતાપૂર્વક પાર પાડી.

### શું છે ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરી?

આ સર્જરીમાં જઠરને ઉપર ખેંચીને છાતીના ભાગમાં લાવવામાં આવે છે અને તેને નવી અન્નનળી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. જ્યારે અન્નનળી ગંભીર રીતે નુકસાન પામે અથવા નકામી બની જાય ત્યારે આ સર્જરી જીવનદાયી સાબિત થાય છે. બાળકને ગેસ્ટ્રોસ્ટોમી દ્વારા પૂરતું પોષણ આપીને તેનું વજન અને તાકાત વધારવામાં આવે છે. પીડિયાટ્રિક સર્જન, એનેસ્થેસિયા નિષ્ણાત, ડાયેટિશિયન અને આઈસીયુ ટીમ સતત નિરીક્ષણ કરે છે. માતા-પિતાને સર્જરીની પ્રક્રિયા, સંભવિત જોખમો અને ઓપરેશન બાદની કાળજી અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવે છે. સર્જરી બાદ અયાને કોઈપણ મુશ્કેલી વગર ફરીથી મોઢા દ્વારા ખાવાનું શરૂ કર્યું હતું. હાલ તેની સ્થિતિ સંપૂર્ણપણે સંતોષકારક હોવાથી તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. નોંધનીય બાબત એ છે કે અયાનની તમામ સારવાર અને ઓપરેશનો અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા.

### માતા-પિતા માટે ચેતવણી

આ ઘટના દરેક માતા-પિતા માટે આંખ ઉઘાડનારી છે. ઘરમાં વપરાતા એસિડ, ક્ષાર, સાબુ બનાવવા માટેના કેમિકલ, ફિનાઈલ, ટોયલેટ ક્લીનર અને અન્ય ઝેરી પદાર્થો બાળકોની પહોંચથી દૂર, બંધ કબાટમાં રાખવા અત્યંત જરૂરી છે. ડો. જોષીએ જણાવ્યુ હતુ કે નાનાં બાળકો રમતમાં કોઈપણ વસ્તુ મોઢામાં મૂકી દેવાની કુદરતી વૃત્તિ ધરાવે છે. માત્ર એક ક્ષણની બેદરકારી જીવનભરની પીડાનું કારણ બની શકે છે. જો બાળક દ્વારા આકસ્મિક રીતે કોઈ કેમિકલ પી જવામાં આવે તો ઘરગથ્થુ ઉપચાર કરવાનો પ્રયાસ કર્યા વગર તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવું જોઈએ. અયાનની ઉપર કરવામાં આવેલી આ સફળ સર્જરી એક તરફ અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટરોની નિષ્ઠા, કુશળતા અને ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ છે, તો બીજી તરફ દરેક વાલીને પોતાના બાળકની સલામતી પ્રત્યે વધુ સાવચેત રહેવાનો મજબૂત સંદેશ પણ આપે છે.



# El Nino ચોમાસું બગાડશે?

## જુલાઈ - સપ્ટેમ્બર વચ્ચે સરેરાશ કરતા ઓછો વરસાદની વકીઃ ખેત નુકસાન - પાણીની અછતની ચિંતા વધી

રાજકોટ, તા..૧૩

એક નવી આંતરરાષ્ટ્રીય હવામાન આગાહીએ ભારતમાં આ વર્ષે ચોમાસા અંગે ચિંતા વ્યક્ત કરી છે. યુરોપિયન યુનિયનની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ (ઈ૩જ) અનુસાર, જો વિકાસશીલ અલ નીનો મજબૂત થતો રહેશે, તો દેશના ઘણા ભાગો જુલાઈ અને સપ્ટેમ્બર વચ્ચે સરેરાશ કરતા ઓછો વરસાદ પડી શકે છે. આગાહી સૂચવે છે કે પશ્ચિમ અને મધ્ય ભારત સૌથી વધુ પ્રભાવિત થઈ શકે છે. ગુજરાત એવા રાજ્યોમાંનું એક છે જ્યાં વરસાદ નોંધપાત્ર રીતે ઘટી શકે છે. કોંકણ પ્રદેશ અને ગોવા સહિત મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ સામાન્ય કરતા ૧૦૦ થી ૨૦૦ મીમી ઓછો વરસાદ પડી શકે છે.

આ આગાહીએ ચિંતા વધારી છે કારણ કે દક્ષિણપશ્ચિમ ચોમાસું ભારતના કૃષિ અને પાણી પુરવઠામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખેડૂતો તેમના પાક માટે મોસમી વરસાદ પર આધાર રાખે છે, જ્યારે તળાવો અને ડેમ બાકીના વર્ષ માટે પાણી સંગ્રહ કરવા માટે ચોમાસા પર આધાર રાખે છે. હવામાન નિષ્ણાતો કહે છે કે બદલાતી પરિસ્થિતિઓ અલ નીનોની રચના સાથે જોડાયેલી છે, જે મધ્ય અને પૂર્વીય પેસિફિક મહાસાગરમાં સમુદ્ર સપાટીના તાપમાનમાં અસામાન્ય વધારાને કારણે થતી કુદરતી આબોહવાની ઘટના છે. આ ગરમી ઘણીવાર ભારતમાં ચોમાસા પ્રણાલીને નબળી પાડે છે. વૈજ્ઞાનિકો ''ગોડઝિલા અલ નીનો'' શબ્દનો ઉપયોગ અત્યંત મજબૂત અલ નીનો ઘટનાઓનું વર્ણન કરવા માટે કરે છે જે વિશ્વભરમાં હવામાન પેટર્નને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે.

જૂન ૨૦૨૬ ના પ્રારંભિક ડેટા દર્શાવે છે કે પેસિફિક મહાસાગર ગરમ થઈ રહ્યો છે. આનાથી ભારતમાં વરસાદ લાવતા ભેજવાળા ચોમાસાના પવનોની શક્તિમાં ઘટાડો થઈ શકે છે. ભારતીય હવામાન વિભાગ (ઈંખઉ) એ પણ આગાહી કરી છે કે જૂનથી સપ્ટેમ્બર સીઝન માટે વરસાદ લાંબા ગાળાના સરેરાશના લગભગ ૯૦-૯૨% હોઈ શકે છે, જે તેને ''સામાન્યથી નીચે'' શ્રેણીમાં મૂકે છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે નબળા ચોમાસાની ખેતી પર મોટી અસર પડી શકે છે. ડાંગર, કપાસ, કઠોળ, સોયાબીન અને તેલીબિયાં જેવા ખરીફ પાક ચોમાસાના વરસાદ પર ખૂબ આધાર રાખે છે. જો વરસાદ અપેક્ષા કરતા ઓછો થાય છે, તો પાકની ઉપજને અસર થઈ શકે છે, ખેતી ખર્ચ વધી શકે છે અને ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો થઈ શકે છે. પાણીની ઉપલબ્ધતા અંગે પણ ચિંતા છે. લાંબા સમય સુધી ઓછા વરસાદથી જળાશયો અને બંધોમાં પાણીનો સંગ્રહ ઓછો થઈ શકે છે, ગ્રામીણ વિસ્તારોમાં સિંચાઈ પર અસર થઈ શકે છે અને શહેરોમાં પીવાના પાણીના પુરવઠા પર દબાણ વધી શકે છે.

નિષ્ણાતોએ એમ પણ જણાવ્યું છે કે ચોમાસાની ટોચની ઋતુના થોડા અઠવાડિયા પહેલા કરવામાં આવેલી મોસમી આગાહીઓ બદલાઈ શકે છે અને તેને અંતિમ ગણવી જોઈએ નહીં. તેમણે એ પણ નોંધ્યું છે કે દેશભરમાં વરસાદ એકસરખો ન પણ હોય, કેટલાક પૂર્વી અને ઉત્તરીય પ્રદેશો પશ્ચિમ અને મધ્ય ભારત કરતા સારો દેખાવ કરે તેવી અપેક્ષા છે. હવામાનશાસ્ત્રીઓએ સરકારો અને ખેડૂતોને પાણી સંરક્ષણના પ્રયાસોને મજબૂત બનાવવા, દુષ્કાળ-સહિષ્ણુ પાકોને પ્રોત્સાહન આપવા અને જો વરસાદ સામાન્ય કરતા ઓછો હોય તો સિંચાઈ આયોજનમાં સુધારો કરવાની સલાહ આપી છે.

વિકાસશીલ અલ નીનો વિશ્વના અન્ય ભાગોમાં પણ હવામાનને અસર કરી શકે છે. નિષ્ણાતો કહે છે કે ઓસ્ટ્રેલિયા, ઇન્ડોનેશિયા અને દક્ષિણપૂર્વ એશિયાના ભાગોમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ શકે છે, જ્યારે દક્ષિણ અમેરિકાના કેટલાક વિસ્તારોમાં અતિશય વરસાદ અને પૂર આવી શકે છે. આબોહવા સંશોધકોએ ચેતવણી પણ આપી છે કે મુખ્ય ઉત્પાદક વિસ્તારોમાં કૃષિ ઉત્પાદનમાં વિક્ષેપો કોફી, ખાંડ, કોકો અને પામ તેલ જેવા ઉત્પાદનોના વૈશ્વિક પુરવઠાને અસર કરી શકે છે. ભારતમાં અગાઉ મજબૂત અલ નીનો વર્ષો દરમિયાન નબળા ચોમાસાનો અનુભવ થયો હોવાથી, હવામાન એજન્સીઓ અને નીતિ નિર્માતાઓ નિર્ણાયક ચોમાસાના મહિનાઓ પહેલા પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

### ગુજરાત અને મધ્ય ભારતમાં થશે વધુ અસર

આગાહીઓ સૂચવે છે કે જો આગામી મહિનાઓમાં પેસિફિક મહાસાગરમાં અલ નીનો સિસ્ટમ મજબૂત થતી રહેશે, તો પશ્ચિમ
અને મધ્ય ભારત સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં સામેલ થઈ શકે છે. અંદાજ મુજબ, ગુજરાત એવા રાજ્યોમાં સામેલ છે જ્યાં
વરસાદમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે, જ્યારે કોંકણ પ્રદેશ અને ગોવા સહિત મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં
૧૦૦-૨૦૦ મીમી ઓછો વરસાદ પડી શકે છે. આ અંદાજોએ કૃષિ, પાણીની ઉપલબ્ધતા અને વ્યાપક અર્થતંત્ર પર સંભવિત અસર
અંગે ચિંતા વ્યક્ત કરી છે, ખાસ કરીને કારણ કે દક્ષિણપશ્ચિમ ચોમાસું ભારતના કૃષિ ક્ષેત્ર અને જળાશયોને ફરીથી ભરવા માટે
મહત્વપૂર્ણ છે. હવામાન નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ઉભરતી અલ નીનો પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે.
અલ નીનો એ કુદરતી રીતે બનતી આબોહવાની ઘટના છે જે મધ્ય અને પૂર્વીય પેસિફિક મહાસાગરમાં અસામાન્ય રીતે ઊંચા સમુદ્ર
સપાટીના તાપમાન દ્વારા વર્ગીકૃત થયેલ છે, જે ઘણીવાર ભારતીય ઉપખંડમાં ચોમાસાના પરિભ્રમણને નબળું પાડે છે.

### સૌરાષ્ટ્ર-કચ્છમાં વાતાવરણ સૂકું

રાજ્યમાં હાલ ઉનાળાની આકરી ગરમીનો પારો ૪૨ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા
૩ ડિગ્રી વધુ એટલે કે ૪૨.૭ઓઈ નોંધાયું હતું, જે રાજ્યમાં સૌથી વધુ હતું. જ્યારે સૌથી ઓછું તાપમાન દ્વારકામાં ૩૩.૬ઓઈ
રહ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન એકદમ સૂકું રહ્યું
છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૭ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ જ મોટા ફેરફારની શક્યતા નથી.

### અલનીનોની અસર અને ચોમાસાની પ્રગતિ

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા મુજબ, આ વર્ષે અલનીનોની અસરને લીધે ચોમાસામાં સામાન્ય
કરતા ઓછો વરસાદ પડશે. હાલ ઉત્તર હરિયાણામાં ૩.૧ કિમીથી ૪.૫ કિમીની ઊંચાઈ વચ્ચે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને
સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે, જેની સીધી અસરથી ગુજરાતનું હવામાન પણ બદલાશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં
દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ૧૫થી ૨૦ નોટ્સની ઝડપે પવનો ફૂંકાશે, જે વધીને ૨૫ નોટ્સ સુધી પણ જઈ શકે છે.
મહારાષ્ટ્રમાં પહોંચેલું ચોમાસું હવે કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશ તરફ આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં ચોમાસાની
શરૂઆતની સામાન્ય તારીખ ૧૫ જૂન છે, એટલે આગામી દિવસોમાં તે સમયસર પહોંચી જાય તેવી પૂરી શક્યતા છે.

---

છીનવાયેલી રેલ સુવિધાઓ મેળવવા જેતલસર જંક્શનમાં ફરી આંદોલનના એંધાણ!

## ૧૦ દિવસમાં યોગ્ય નહિ થાય તો આંદોલન છેડીશઃ જયેશ રાદડિયા

### જેતલસર આવેલા રેલવેના જનરલ મેનેજર અને ડીવીઝનલ મેનેજર સમક્ષ ધારાસભ્યની ઉગ્ર રજૂઆત



રાજકોટ, તા.૧૩

જેતલસર જંકશનમાંથી રેલ્વે બાબુઓએ એક પછી એક એમ અનેક સુવિધાઓ ઝુંટવી લઈને જેતલસર જંકશનને ખંઢેર બનાવવાનો જે હીન પ્રયાસ કર્યો છે તેનો લોકોમાં ઉગ્ર વિરોધ વંટોળ ઉઠી રહ્યો છે. એક તબક્કે જંકશનને બચાવવા આંદોલન પણ છેડાયું હતું. તે સમયે રેલ્વે બાબુઓએ ઘૂંટણ ટેકવી આંદોલનકારીઓને સમજાવી લીધા હતા. જો કે અહીંથી છીનવાયેલી એક પણ સેવા પુનઃ શરુ નહિ કરવામાં આવતા હવે જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાએ આકારો મિજાજ બતાવી ઉગ્ર આંદોલન છેડવાની રેલવેના જનરલ અને ડીવીઝનલ મેનેજરને આજે ચીમકી આપી હતી. વર્તમાન સમયમાં જે સ્ટાફ હતો તે જંકશનમાં પૂર્વવત કરવા તેમજ અહીંથી અન્યત્ર ખસેડાયેલી લોકો લોબી ફરી અહી ધબકતી કરવા સહિતના અનેક અન્યાયો સામે લડી લેવા જેતલસર જંકશન રેલ્વે બચાવ સમિતિ ઉભી કરવામાં આવી છે અને તેમાં હનીફ બલોચ, ભૂપત ચૌહાણ,સંજય ડુંમર, રમેશ મકવાણા, રાજેશ ડાભી, રમેશ મકવાણા, ચુનીભાઈ કોઠેચા સહિતના જાગૃત નાગરિકોએ આ પહેલા રેલ્વે સામે અંદોલન કર્યું હતું ત્યારે રેલ્વે તંત્રને મીઠી મીઠી વાતો કરી, યોગ્ય કરવાની ખાતરી આપી આંદોલનકારીઓને સમજાવીને આંદોલન અટકાવી દીધું હતું.

પણ આ વાતને એટલે કે યોગ્ય કરવાની ખાતરીને ત્રણ ત્રણ મહિના વીતી ગયા છતાં રેલ્વે બાબુઓએ કોઈ યોગ્ય નહિ કરતા આજે જેતલસર જંકશન ખાતે મુલાકાતે આવેલા વેસ્ટર્ન રેલ્વે-મુંબઈના જનરલ મેનેજર અને ભાવનગરના રીજીયોનલ મેનજરને સ્થાનિક ધારાસભ્ય અને જેતલસર ગામના પૂર્વ સરપંચ દિનેશ ભુવાએ ઉગ્ર રજુઆતો કરીને જેતલસરને ખંઢેર બનતું રોકવા માંગની કરી કરી.આ તકે જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડીયાએ બંને રેલવેના અધિકારીઓને ખુલ્લી ચેતવણી આપી હતી કે જેતલસર જંકશનમાંથી જે સેવાઓ છીનવાઈ છે તે તમામ સેવા, સુવિધાઓ ૧૦ દિવસમાં પૂર્વવત નહિ કરવામાં આવે તો તેઓ આંદોલનની આગેવાની લઈને જલદ આંદોલન છેડશે અને રેલ્વે બચાવ સમિતિના સભ્યોને સાથે રાખી આંદોલનાત્મક કાર્યક્રમો રજુ કરશે જેની જવાબદારી રેલ્વે તંત્રની રહેશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

---

## રિવાઈઝડ ડેવલપમેન્ટ પ્લાન માટે કન્સલ્ટેશન પ્રક્રિયા

### નાગરિકો, વ્યાવસાયિક સંસ્થાઓ, ઉદ્યોગ-વ્યાપાર ક્ષેત્ર, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ તથા અન્ય તમામ હિતધારકોની સક્રિય ભાગીદારી અત્યંત મહત્વપૂર્ણ



રાજકોટ, તા. ૧૩

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા દરેક શહેર અને જિલ્લા મથકોને વધુ વિકસિત બનાવવા માટે અનેકવિધ યોજનાઓની અમલવારી હાથ ધરવામાં આવતી હોય છે ત્યારે ગઈકાલે રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ દ્વારા તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરવાની કાર્યવાહી હાલ રૂડા દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. આવનારા દિવસોમાં આ અંગે યોગ્ય વ્યવસ્થા અને યોગ્ય પ્રતિસાદ મળે તે માટે ખાસ બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સરકાર તથા સ્થાનિક પ્રશાસન દ્વારા માળખાગત સુવિધાઓનો યોગ્ય વિકાસ થાય તે હેતુસર અનેકવિધ યોજનાઓની અમલવારી શરૂ કરવામાં આવી છે. ત્યારે જોવાનું એ રહ્યું કે લોકોને પ્રતિસાદ કેવી રીતે મળતો રહે છે કારણ કે ખાસ રૂડા વિસ્તારમાં હાલ અનેકવિધ ટાઉન પ્લાનિંગ સ્કીમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે અને તેની આવનારા દિવસોમાં કામગીરી પણ શરૂ કરવામાં આવશે તેવું રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોએ જણાવ્યું હતું.

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા રાજકોટ શહેરી વિકાસ વિસ્તાર માટે તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ યોજના વધુ વ્યાપક, સર્વસમાવેશક અને ભવિષ્યલક્ષી બને તે હેતુસર વિવિધ હિતધારકો પાસેથી સૂચનો, અભિપ્રાયો અને પ્રતિભાવો મેળવવા માટે સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ સંદર્ભે રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેનએ આજે સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન ફોર્મનું વિધિવત્રીતે હફીભવશક્ષલ કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે વિકાસ યોજનાના ઘડતરમાં નાગરિકો, વ્યાવસાયિક સંસ્થાઓ, ઉદ્યોગ-વ્યાપાર ક્ષેત્ર, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ તથા અન્ય તમામ હિતધારકોની સક્રિય ભાગીદારી અત્યંત મહત્વપૂર્ણ છે. વિકાસ યોજના સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે મળતા સૂચનો અને પ્રતિસાદનો અભ્યાસ કરી તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજનાના ઘડતરમાં યોગ્ય વિચારણા કરવામાં આવશે.રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તમામ નાગરિકો, સંસ્થાઓ અને હિતધારકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ વિકાસ યોજના અંગેના પોતાના સૂચનો અને અભિપ્રાયો નિયત ફોર્મમાં નોંધાવી આ મહત્વપૂર્ણ આયોજન પ્રક્રિયામાં સહભાગી બને અને રાજકોટના સુઆયોજિત, ટકાઉ અને સર્વાંગી વિકાસમાં યોગદાન આપે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# જંગની તૈયારી

## ગુજરાત ધારાસભાની ચૂંટણી માટે શાસક સજ્જ થાય છે, પણ વિપક્ષ હજુ..



ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હજુ એકાદ વર્ષ જેટલો સમય બાકી છે. આમ છતાં રાજ્યનું રાજકીય તાપમાન અત્યારથી જ ગરમાવા લાગ્યું છે.

સત્તાધારી પક્ષ ભાજપ હંમેશાં ચૂંટણી મોડમાં જ રહે છે. ભાજપ કોઈપણ ચૂંટણીને ક્યારેય સામાન્ય ગણતો નથી. પક્ષના નેતાઓ અને કાર્યકરો સતત જનતાની વચ્ચે સક્રિય રહે છે.

રાજકોટમાં સાંઢિયા પુલના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ખોડલધામના પ્રમુખ નરેશ પટેલ વચ્ચે એક મહત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠક રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બની છે. ભાજપ તેની દીર્ઘદ્રષ્ટિ અને નક્કર રણનીતિ માટે જાણીતો છે. તે ચૂંટણીના ઘણા સમય પહેલાંથી જ પોતાની વિશેષ ફોજ તૈયાર કરવા લાગે છે.

બીજી તરફ, ગુજરાતમાં વિપક્ષ હજુ પણ ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. રાજ્યમાં ભાજપ છેલ્લા ૩૦ વર્ષથી શાસન કરી રહ્યો છે.

લાંબા શાસનને કારણે એન્ટી-ઈન્કમ્બન્સી એટલે કે લોકોની નારાજગી વ્યાપક રૂપે જોવા મળે છે. વિપક્ષ માટે સત્તા પર આવવાનો આ એક સુવર્ણ અવસર ગણાય. આમ છતાં, મુખ્ય વિપક્ષ કોંગ્રેસ પાસે રાજ્યવ્યાપી કોઈ નક્કર આયોજન દેખાતું નથી.

કોંગ્રેસના નેતાઓ માત્ર ચૂંટણી ટાણે જ જાગતા હોય તેવું ચિત્ર ઉપસે છે. જ્યારે પક્ષનો પરાજય થાય છે, ત્યારે ઈવીએમ અથવા અન્ય બહાના પર ઠીકરા ફોડી દેવામાં આવે છે. વિપક્ષી નેતાઓ પોતાની આંતરિક ખેંચતાણમાંથી જ ઊંચા આવતા નથી.

ગુજરાતમાં ભાજપ સંગઠનની દ્રષ્ટિએ અતિ મજબૂત છે. ભાજપ સામે વિપક્ષનો કોઈ ખાસ મોટો પડકાર હાલ દેખાતો નથી. આમ આદમી પાર્ટી કે કોંગ્રેસ કોઈપણ મુદ્દે જનતાની લડત લડવા સજ્જ નથી. પ્રજાના પ્રશ્નો ઉઠાવવામાં વિપક્ષ સંપૂર્ણ નિષ્ફળ સાબિત થયો છે.

કોંગ્રેસની માનસિકતા વાવણી કર્યા વગર લણણી કરવાની હોય તેવી લાગે છે. લોકસંપર્ક વગર માત્ર સોશિયલ મીડિયા પર રાજનીતિ કરવાથી ચૂંટણી જીતી શકાતી નથી. ભાજપની માઈક્રો-પ્લાનિંગ અને પેજ પ્રમુખ સુધીની વ્યવસ્થા સામે વિપક્ષ લાચાર દેખાય છે.

જો વિપક્ષ સમયસર નહીં જાગે, તો આગામી જંગમાં પણ ભાજપનો વિજય રથ રોકવો અશક્ય બની જશે. સુતેલો વિપક્ષ ક્યારે બેઠો થશે તે મોટો સવાલ છે.

# પહેલગામ હુમલા બાદ ભારતની જળ વ્યૂહરચના બદલાઈ

## પાકિસ્તાનને વધુ ત્રાસ આપવા માટે યોજના તૈયાર : આ પ્રોજેક્ટ ઉત્તર ભારતના ખેડૂતોને સિંચાઈ અને વીજળી પૂરી પાડશે

નવીદિલ્હી, તા..૧૩

પહેલગામ આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ નાગરિકોની ક્રૂર હત્યા બાદ ભારત દ્વારા પાકિસ્તાન સામે શરૂ કરાયેલ રાજદ્વારી અને વ્યૂહાત્મક અભિયાન હવે જમીન પર દૃશ્યમાન અસરો બતાવી રહ્યું છે. દાયકાઓથી સંયમ અને ઉદારતા દર્શાવતા ભારતે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે લોહી અને પાણી એકસાથે જતા નથી. આ બદલાયેલા વ્યૂહાત્મક વાતાવરણ વચ્ચે, ભારત સરકારે દેશના ખેડૂતો, ઉદ્યોગો અને ઉર્જા ક્ષેત્ર માટે ભારતના હિસ્સાના પાણીનો વધુ ઉપયોગ સુનિશ્ચિત કરવાના હેતુથી જળ પ્રોજેક્ટ્સ પર કામ ઝડપી બનાવ્યું છે. આમાં સૌથી મહત્વપૂર્ણ ચેનાબ-બિયાસ લિંક પ્રોજેક્ટ છે, જે હવે ઝડપથી આગળ વધી રહ્યો છે. બિયાસ નદી પ્રણાલીને ટનલ દ્વારા જોડવાનું આયોજન છે. પૂર્ણ થયા પછી, આ પ્રોજેક્ટ રાજસ્થાન સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોને વધારાનું પાણી પૂરું પાડશે અને લાખો ખેડૂતોને લાભ આપશે.

૧૯૬૦ માં ભારત અને પાકિસ્તાન વચ્ચે હસ્તાક્ષર કરાયેલ સિંધુ જળ સંધિને વિશ્વના સૌથી સફળ પાણી કરારોમાંનો એક માનવામાં આવે છે. આ સંધિ હેઠળ, સિંધુ, ઝેલમ અને ચેનાબ જેવી પશ્ચિમી નદીઓનું મોટાભાગનું પાણી પાકિસ્તાનમાં જતું હતું, જ્યારે ભારતને મર્યાદિત ઉપયોગની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારતે પોતાના વલણમાં ફેરફારનો સંકેત આપ્યો. નવી દિલ્હીએ સ્પષ્ટપણે કહ્યું કે નઃલોહી અને પાણી એકસાથે વહી શકતા નથી.ઃઃ આ પછી, સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, અને ભારતે જળ સંસાધનોના પોતાના હિસ્સાનો મહત્તમ ઉપયોગ કરવા માટે પગલાં



લેવાનું શરૂ કર્યું.

આશરે ₹૨,૬૦૦ કરોડના ખર્ચે બનેલા આ પ્રોજેક્ટ હેઠળ, ચંદ્રા અને ભાગા નદીઓનું પાણી ૮.૭ કિલોમીટર લાંબી ટનલ દ્વારા બિયાસ નદીના તટપ્રદેશમાં ટ્રાન્સફર કરવામાં આવશે. ત્યારબાદ આ પાણીનો ઉપયોગ ૧૧૩ કિલોમીટર લાંબી નહેર પ્રણાલી દ્વારા સિંચાઈ અને અન્ય વિકાસ હેતુઓ માટે કરવામાં આવશે. સરકારી અંદાજ મુજબ, દર વર્ષે આશરે ૧.૯ મિલિયન એકર ફૂટ વધારાનું પાણી બિયાસ તટપ્રદેશમાં પહોંચાડવામાં આવશે. આનાથી પંજાબ, હરિયાણા, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને ખાસ કરીને રાજસ્થાનને નોંધપાત્ર ફાયદો થવાની અપેક્ષા છે. રાજસ્થાન અને ઉત્તર ભારતના ઘણા પ્રદેશો લાંબા સમયથી પાણીની અછત અને સિંચાઈના પડકારોનો સામનો કરી રહ્યા છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, આ વિસ્તારોમાં ખેતી માટે વધારાનું પાણી ઉપલબ્ધ થશે. આનાથી કૃષિ ઉત્પાદન વધારવામાં અને ખેડૂતોના ખર્ચમાં ઘટાડો કરવામાં મદદ મળી શકે છે. વધુમાં, આ પ્રોજેક્ટથી આશરે ૪,૦૦૦ મેગાવોટ વધારાની જળવિદ્યુત શક્તિ ઉત્પન્ન થવાની ધારણા છે, જે દેશની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવશે.

ચિનાબ નદી પાકિસ્તાનની કૃષિ પ્રણાલીની મુખ્ય જીવનરેખાઓમાંની એક છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં લાખો એકર ખેતીલાયક જમીનની સિંચાઈ આ નદી પ્રણાલી પર આધારિત છે. ઘઉં, ચોખા, કપાસ અને શેરડી જેવા પાક મોટાભાગે આ પાણી પર આધારિત છે. જો ભારત તેના હિસ્સાના પાણીનો વધુ ઉપયોગ કરવાનું શરૂ કરે છે, તો પાકિસ્તાન સુધી પહોંચતો વધારાનો પાણીનો પ્રવાહ ઘટી શકે છે. આનાથી પાકિસ્તાનના સિંચાઈ નેટવર્ક પર દબાણ વધી શકે છે અને પાણી વ્યવસ્થાપન પડકારો વધી શકે છે.

# યુદ્ધ પહેલા અનેક જહાજો હોર્મુઝમાંથી પસાર થતા' તા

## શું હવે ટ્રાફિક સામાન્ય થઈ જશે? : સામાન્ય સમયમાં, દરરોજ ૮૦ થી ૧૩૦ જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાથતા

નવીદિલ્હી, તા.૧૩

ઈરાન યુદ્ધે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંના એક, હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૬ ના અંતમાં યુદ્ધ શરૂ થયું તે પહેલાં, દરરોજ સેંકડો જહાજો આ જળમાર્ગ પરથી પસાર થતા હતા, પરંતુ હવે આ ટ્રાફિક ઘટીને માત્ર એક જ થઈ ગયો છે. સામાન્ય સમયમાં, દરરોજ ૮૦ થી ૧૩૦ જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા હતા, અથવા વાર્ષિક ૩૦,૦૦૦ થી વધુ ટેન્કર. આ મોટાભાગે વૈશ્વિક પુરવઠા શૃંખલા માટે જરૂરી માલસામાન વહન કરતા કાર્ગો જહાજો હતા.

યુદ્ધ પહેલાં, આશરે ૩,૦૦૦ જહાજો માસિક સ્ટ્રેટમાંથી પસાર થતા હતા, જેમાં તેલ ટેન્કરો દરરોજ આશરે ૧૫ મિલિયન બેરલ ક્રૂડ તેલ અને અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ કરતા હતા, જે વિશ્વના કુલ તેલ વેપારના લગભગ પાંચમા ભાગનું પ્રતિનિધિત્વ કરે છે. ઈંખઋ અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીની પર્યાવરણીય પરિવર્તન સંસ્થા દ્વારા સંચાલિત પોર્ટવોચના ડેટા અનુસાર, ૨૦૨૨ માં દરરોજ ૨૦ મિલિયન બેરલથી વધુ તેલ આ માર્ગ દ્વારા પરિવહન કરવામાં આવતું હતું, જે ગલ્ફ ક્ષેત્રની કુલ તેલ નિકાસના આશરે ૮૦% અને વૈશ્વિક તેલ નિકાસના ૨૦% જેટલું છે. આ જહાજોમાંથી, ૫૦ થી ૬૦% તેલ અને પ્રવાહી ગેસ વહન કરતા ટેન્કર હતા.

૨૮ ફેબ્રુઆરીના રોજ યુએસ-ઇઝરાયલી હુમલા પછી પરિસ્થિતિમાં ધરખમ ફેરફાર થયો. ૧લી માર્ચથી ૮મી માર્ચ દરમિયાન, ફેબ્રુઆરી યુદ્ધ પહેલા દરરોજ સરેરાશ ૧૦૦ જહાજોની



સરખામણીમાં, આ માર્ગ પરથી દરરોજ સરેરાશ માત્ર છ જહાજો પસાર થતા હતા. એપ્રિલમાં, આખા મહિના દરમિયાન ફક્ત ૧૯૧ જહાજો આ માર્ગ પરથી પસાર થતા હતા, અને ટ્રાફિક પાછલા બે મહિના માટે સરેરાશના માત્ર ૫% હતો. એપ્રિલમાં બે અઠવાડિયાના કામચલાઉ યુદ્ધવિરામથી પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નહીં. યુદ્ધવિરામના પહેલા ૨૪ કલાકમાં ફક્ત પાંચ બલ્ક કેરિયર્સ પસાર થયા, જ્યારે પછીના બે દિવસમાં નવ જહાજો પસાર થયા. મરીન ટ્રાફિક અનુસાર, ૪૦૦ થી વધુ તેલ ટેન્કર અને ડઝનબંધ કગાઋ/કઙ્ગઋ કેરિયર્સ ખાડીની બહાર લંગરાયેલા રહ્યા, સલામત માર્ગની રાહ જોતા. યુદ્ધવિરામ છતાં, ટ્રાફિક લગભગ ૯૫% ઓછો રહ્યો. જે જહાજો કાર્યરત હતા તે મોટાભાગે ઈરાનના ડાર્ક ફ્લીટ અથવા રશિયન-ચીની ધ્વજવાળા જહાજો હતા, જેમને ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા દેખરેખ હેઠળ પસાર થવાની મંજૂરી આપવામાં આવી હતી.

પોલીમાર્કેટ નામના આગાહી પ્લેટફોર્મ પર, ૧૨ જૂન, ૨૦૨૬ સુધીમાં, મોટાભાગના વેપારીઓ માને છે કે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગ ૩૦ જૂન સુધીમાં સામાન્ય નહીં થાય. આ સામાન્ય ન થવાની સંભાવના ૭૭.૫% હોવાનો અંદાજ છે, કારણ કે હજુ સુધી કોઈ નક્કર અને વિશ્વસનીય કરાર થયો નથી. વર્તમાન ટ્રાફિક દરરોજ ફક્ત ૨ જહાજોનો છે, જે સામાન્ય સ્તરના ૨% છે. નિષ્ણાતો માને છે કે જો મજબૂત યુદ્ધવિરામ થાય તો પણ, સંપૂર્ણ સામાન્યીકરણમાં અઠવાડિયાથી મહિનાઓ લાગી શકે છે.

# કાશ્મીરી પંડિતોને મૂળ સાથે જોડાવાનો સમય

## ધ ગ્લોબલ કાશ્મીરી પંડિત કોન્ક્લેવથમાં લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાનું સંબોધન

નવીદિલ્હી, તા. ૧૩

શ્રીનગરમાં નઃગ્લોબલ કાશ્મીરી પંડિત કોન્ક્લેવઃઃ ને સંબોધતા, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કહ્યું કે કાશ્મીરી પંડિતો માટે તેમના મૂળ સાથે ફરી જોડાવાનો અને બદલાતા જમ્મુ અને કાશ્મીરના ભવિષ્યમાં યોગદાન આપવાનો સમય આવી ગયો છે. ગ્લોબલ કાશ્મીરી પંડિત કોન્ક્લેવમાં ભારત અને વિદેશના કાશ્મીરી પંડિત સમુદાયના અગ્રણી વ્યક્તિઓએ હાજરી આપી હતી. સિન્હાએ જણાવ્યું હતું કે પરિવર્તનનો સમય આવી ગયો છે; જેઓ એક સમયે તેમના વતનથી ઉખેડી નાખવામાં આવ્યા હતા તેઓ પાછા ફરી રહ્યા છે, અને આ ઘરે પાછા ફરવું એ સૌથી સાચી જીત છે. તેમણે વિદેશમાં રહેતા કાશ્મીરી પંડિત સમુદાયના અગ્રણી સભ્યોને જમ્મુ અને કાશ્મીરમાં ઉદ્યોગો, શિક્ષણવિદો અને સાંસ્કૃતિક સંસ્થાઓ સ્થાપિત કરવા અપીલ કરી હતી જે તેમના



વારસાને અમર બનાવશે અને ભાવિ પેઢીઓ માટે તકો પૂરી પાડશે.

તેમણે સમુદાયની વિસ્થાપનથી વૈશ્વિક સફળતા સુધીની સફરને હિંમત, સ્થિતિસ્થાપકતા અને સાંસ્કૃતિક શક્તિની ઐતિહાસિક વાર્તા તરીકે વર્ણવી. લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે ૧૯૯૦ ના દાયકામાં કાશ્મીરી પંડિતોએ રાતોરાત બેઘર થવાનું અપાર દુઃખ સહન કર્યું હતું, પરંતુ નિરાશાને બદલે, તેમણે સખત મહેનત, પુનર્નિર્માણ અને સામાજિક સેવાનો માર્ગ પસંદ કર્યો. તેમણે સમુદાયને જમ્મુ અને કાશ્મીરમાં સંસ્થાઓની સ્થાપના અને વિકાસમાં સક્રિયપણે ભાગ લેવા વિનંતી કરી, કારણ કે તેમની ભાગીદારી વિના નવું જમ્મુ અને કાશ્મીર અધૂરું રહેશે. આ પ્રસંગે, મુખ્યમંત્રીના સલાહકાર નાસિર અસલમ વાનીએ કાશ્મીરી પંડિતોના સન્માનજનક પુનરાગમન અને પુનર્વસનની જરૂરિયાત પર ભાર મૂક્યો. વાનીએ જણાવ્યું હતું કે સરકાર પંડિતોના પુનરાગમન અને પુનર્વસન માટેની યોજનાઓની દેખરેખ માટે ૨૦૦૯ માં રચાયેલી સર્વોચ્ચ સમિતિને ફરીથી સક્રિય કરશે.

તેમણે સ્પષ્ટપણે કહ્યું કે કાશ્મીરી પંડિતો વિના અધૂરું છે. ખીણ ત્યારે જ પૂર્ણ થશે જ્યારે પંડિતો અને મુસ્લિમો સુમેળમાં સાથે રહે. તેમણે બંને સમુદાયોને એકબીજા પર દોષારોપણ કરવાને બદલે વાતચીતનો માર્ગ પસંદ કરવા અપીલ કરી. તેમણે ભાર મૂક્યો કે અગાઉની યોજનાઓ સંપૂર્ણપણે સફળ થઈ ન હતી, અને હવે તેઓ નઃરોડમેપનઃ વિકસાવવા માટે પંડિત પ્રતિનિધિઓ સાથે મળીને કામ કરશે. વાનીએ ભાવનાત્મક અપીલ કરી, જેમાં જણાવ્યું હતું કે બંને સમુદાયોનો ઇતિહાસ, લોહી અને ભવિષ્ય સમાન છે. સરકાર ટૂંક સમયમાં આ દિશામાં નક્કર પગલાં લેશે. શ્રીનગરમાં નઃગ્લોબલ કાશ્મીરી પંડિત કોન્ક્લેવઃઃ માં, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કાશ્મીરી પંડિતોને તેમના મૂળ સાથે જોડાવા અને જમ્મુ અને કાશ્મીરના ભવિષ્યમાં યોગદાન આપવા હાકલ કરી. સલાહકાર નાસિર અસલમ વાનીએ તેમના ગૌરવપૂર્ણ વળતર અને પુનર્વસન પર ભાર મૂક્યો, એક નવો નઃરોડમેપનઃ અને એપેક્સ કમિટીને ફરીથી સક્રિય કરવા હાકલ કરી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## વાંચન વિશેષ

### સંતાનો ને ફન અને ફરજનો પાઠ શીખવતું અણમોલ પાત્ર એટલે પપ્પા!;



ભારતીય સમાજ સરખામણી કરવાની એક વિચિત્ર ખાસિયત ધરાવે છે, અને અત્યારે આ સમોવડીની માનસિકતા ધરાવતાં સમાજમાં માતા અને પિતા બંનેમાંથી કોણ મહાન? એ પણ ચર્ચાનો વિષય હોય, એમ સૌ પોતપોતાની રીતનાં મનઘડત વિચારો વાળી પોસ્ટ ફોરવર્ડ કરતાં હોય છે. પણ શું કામ કોઈ એકને મહાન આલેખવા જોઈએ? સંતાન માટે એના માતાપિતા બંને જ મહાન છે, અને એની તુલના કોઈ સાથે થઈ શકે નહીં! અને એટલે જ ભારતીય સંસ્કૃતિમાં માતૃ દેવો ભવઃ અને પિતૃ દેવો ભવઃ કહીં બંનેને ઈશ્વરનો દરજ્જો અપાયો છે. જુન મહિનાના ત્રીજા રવિવારને ફાધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે, તો એ રીતે ફાધર્સ ડે ૨૧ મી એ આવશે. ફાધર્સ એટલે આમ જુઓ તો પરિવારનો મુખિયા!

વિદેશી સંસ્કૃતિની આ એક અનોખી ભેટ છે,આ દિવસની શરૂઆત અમેરિકામાં સોનોરા સ્માર્ટ ડોડ દ્વારા કરવામાં આવી હતી. તેમના પિતા સિવિલ વોરના પીઢ સૈનિક હતા, જેમણે પત્નીના મૃત્યુ પછી એકલા હાથે સોનોરા અને તેમના પાંચ ભાઈ-બહેનોનો ઉછેર કર્યો હતો. ભારતીય સંસ્કૃતિમાં આવા દિવસો મનાવવાની પરંપરા હતી નહીં, કારણ કે સંયુક્ત કુટુંબોમાં એકબીજા ભાઈચારા અને પ્રેમથી રહેતાં હતાં, ત્યારે તેમનાં જન્મદિવસ, લગ્ન દિવસ, પુણ્યતિથિ, વગેરેને મહત્વ આપી એ દિવસે એ વ્યક્તિ પ્રત્યેનો આદર કરવાની આપણે ત્યાં રીત હતી,અને છે. આ ઉપરાંત વડીલોને રોજ પ્રણામ કરવાની પણ આપણે ત્યાં પ્રથા છે, પ્રણામ કરવા એટલે શું? તે આપણી કરતાં મહાન છે, એવું એક સીધુંસાદું સત્ય સ્વીકારીને તેને નમન કરવું. સંયુક્ત કુટુંબો તૂટતા ગયાં, અને પરિણામે ઘરમાં ઉછરનારા સંતાનો આ સંસ્કારથી વંચિત થતાં ગયાં, અને એને કારણે સંબંધોમાં પણ જોઈએ તેવી લાગણી રહી નહીં, અને એ લાગણીને પ્રદર્શિત કરવાં વર્ષમાં આ રીતે જુદાં જુદાં ડે ઉજવવામાં આવે છે. એક રીતે સારું છે, બાકી સ્ટ્રેસ અને સમયની ઈન્દ્રજાળમા માનવી અટવાતો જાય છે, કે તેને સંબંધનાં સ્વીકારવાનો હવે સમય નથી.

ફાધર્સ એટલે કે પિતા, પપ્પા, ડેડી, જેવાં સંબોધનોથી આપણે જેને નવાજીએ છીએ તે ચરિત્ર! લગભગ દરેક બાળક માટે તે જ તેનો આદર્શ હોય છે. જોકે આજકાલ હવે સેલિબ્રિટીઓ આદર્શ બનતાં જાય છે, કે જેનું ચરિત્ર આપણે ફક્ત ઉપરછલ્લું જ જાણીએ છીએ. પિતા, પપ્પા, કે ડેડીને આદર્શ બનાવવાનાં ઘણાં ફાયદા છે, કારણ કે તેનાં જીવનની કિતાબનાં બધાં પાનાં આપણી સમક્ષ ખુલ્લાં હોય છે, અને ત્યાં જરા પણ દંભ કે અભિનય હોતો નથી. કોઈ પિતાને પોતાનાં બાળકને વ્હાલ કરવા માટે અભિનય કરવો પડતો નથી, એ અંદરથી ઉદ્ભવતી લાગણી છે, અને એટલે તો એ અંતિમ ક્ષણ સુધી તેનું હિત ઈચ્છી, એ માટે શિખામણ દેતાં હોય છે. પપ્પા પિતા કે ડેડી એ રિયલ હીરો છે, અને એનાં યોગ્ય સંચાલનને કારણે જ પરિવારનાં દરેક સભ્યની જરૂરિયાત પૂરી થાય છે. આજે તો હવે યુગ બદલાઇ ગયો છે, અને પુરુષની સાથે સાથે સ્ત્રી પણ કમાવા લાગી છે, અને એ રીતે ઘરમાં રૂપિયા પૈસા ક્યાં વાપરવા એ માટે બંને જણા નિર્ણય કરતા હોય છે. પરંતુ પચાસ કે સાઈઠ વર્ષ પહેલાંનો યુગ જુદો હતો, અને એમાં લગભગ દરેક ઘરમાં એક જ વ્યક્તિ કમાવા માટે જતાં હતાં, અને તે પિતા. જે કંઈ કમાણી થાય, તેમાંથી સૌથી ઓછો હિસ્સો પોતાને માટે રાખે, અને અન્ય માટે વાપરે, અને છતાં એક પણ ફરિયાદ ન કરે, એ છે પિતા. આપણી સંસ્કૃતિમાં તો માતા પિતાને દેવનું સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ માતા પોતાની લાગણી વ્યક્ત કરી શકતી હોવાથી, તેનો બાળક સાથે વધુ ગાઢ નાતો સ્વીકારાયો છે. જ્યારે પિતા પુરુષ હોવાથી પ્રમાણમાં પોતાની લાગણી ઓછી વ્યક્તિ કરી શકે છે, અને એ માટે એ પાત્રને થોડો અન્યાય પણ થયો હોય એવું ક્યાંક લાગે. પરંતુ ઘરની મુખ્ય સ્ત્રી એટલે કે માતા એ પોતાના બાળકને એના પિતાનું માન સન્માન કરવું, તેમજ તેની લાગણીઓ પ્રત્યે સજાગ કરવા, અને એની મહત્તા દર્શાવવી જોઈએ. બાળકનાં જન્મથી તેની જરૂરિયાતોનું વગર માંગે ધ્યાન રાખીને ઉંમરના દરેક તબક્કે તેને જોઈતા સાધનો પૂરા પાડનાર ઉત્તમ ચરિત્ર એટલે પિતા! પછી તે શિક્ષણનું ક્ષેત્ર હોય, શોખનું ક્ષેત્ર હોય, બાળકની તમામ મનોકામના પૂરી કરવી એ જ જીવનનું લક્ષ્ય હોય. પરંતુ આજકાલ માતાપિતા બન્ને પોતાના બાળકના સુખ સગવડ પર એટલો બધો ભાર મૂકે છે, કે જેને કારણે બાળક ઘણું બધું શીખવાનું ચૂકી જતો હોય છે. તો શિસ્ત અને સંયમ શીખવે એ પિતા.

આજે પણ હ્રદયની એકદમ નજીક, એવું ચરિત્ર મારાં પપ્પા !,એનો સદાય ગર્વ છે. મારાથી સો ગણાં વધુ વિનમ્ર અને સદ્ આચરણ ધરાવનાર.હું ગુજરાતીમાં જેટલું આલંકારિક લખું છું, એનાથી પણ સુંદર ઈંગ્લીશમાં લખનારા હતાં, કારણકે અંગ્રેજોના સમયમાં તેમનો જન્મ હતો. આઝાદીની ચળવળ આંખે જોઈ હતી,અને એ માટેના આંદોલનની સભા સરઘસનો હિસ્સો પણ બન્યા હતાં. સગાં સંબંધી અમારા હુન્નર જોઈ એમ કહે, મોરનાં ઈંડા ચીતરવાના ન હોય!. સૌ કોઈ માટે એટલી જ કરુણા,અને કાયમ હાથ દેવા માટે જ લંબાયેલો એ વાતે ખરેખર પ્રાઉડ અનુભવ્યું. અમારી માટે પપ્પા જેવું બનવું એ જ કાયમ જીવન લક્ષ્ય , અને છતાંય એ તત્વ હજુ ક્ષિતિજે. સદા આસપાસ ભમતું ઈશ્વર તત્વ, આજે પણ ખાલીપાને ભરનારુ તત્વ. સમયે એમની નજાણે કંઈ કેટલીય પરીક્ષા લીધી પણ હંમેશા પ્રથમ ગુણાંક એ ઉત્તીર્ણ થનારાં.

પપ્પા મારા હ્રદય આકાશમાં ચમકતો અમર સિતારો, અને દૂર દૂર સુધી દિવ્ય પ્રકાશથી રાહ ચીંધનારા. શું કહુ સકલ અસ્તિત્વનો આધાર, અને એ આધાર પર જન્મો કુરબાન કરવાની સદા તીવ્ર ઝંખના, પણ એ કંઈ પણ સેવા લીધાં વગર સ્વાભિમાનથી ચાલ્યા ગયા.બસ આવી જ હોય છે એ સમયના પિતા કે પપ્પા ની કહાની, એટલે તો કહેવાય છે કે માતા પિતા બન્યા વગર એમની ઉત્કૃષ્ટ ભાવના સમજાતી નથી. પપ્પા તમને અને ઈશ્વર બંને માંથી પસંદ કરવાના હોય તો હું તમને જ કરું, તમે જ અમારા દેહને ટટ્ટાર રાખો છો, અરે એમ કહો કે જીવન સ્તંભ છો! ડર કે ભય નામના શબ્દ ને પણ કોસો દૂર રાખનાર અને છતાં આવી પડેલી પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેતા શીખવે,અને સત્યનાં આચરણથી નીડરતા આવે છે, માટે એવું જ આચરણ કરવું જે ડરપોક બનાવે નહીં! વીતેલા વર્ષો યાદ કરું તો અછતમાં છત કરનારા અને કેટકેટલા લાડ બાપરે!! આજે તો એ બધું યાદ આવે છે, અને પેલું ફ્રોક લેવાની જીદ કરી હતી, પણ હવે મેં જીદ કરવાનું છોડી દીધું, કારણ તમે નથી... પપ્પા વિશે કેટલું લખું! સૌ સાથે મૌલિક રહેવું, સૌનો આદર કરવો, જ્ઞાતિ ભેદ મનમાં પણ ન લાવવો,અને એટલું ધન નહોતું છતાં કોઈની મદદ ન થાય તો એ ધન નકામું છે, આંસુ એ ગમે ત્યારે વેડફાય નહિ,એ નબળાઈ નથી, આપણી તાકાત છે, અને ઈશ્વર પાસે પણ માંગવાનો ઈરાદો લઈને ક્યારેય જવું નહીં, મને મારી હેસિયત કરતાં પણ ઘણું આપ્યું, બસ મીઠું રોટલી આપતો રહેજે! એ પરમ સંતોષની શીખ.

દરેકે દરેક સંતાન એ પોતાનાં માતાપિતાને મહત્વ આપવું જોઈએ, અને પોતાનાં ઉછેર માટે તેમણે કરેલાં ત્યાગ બલિદાનની મહત્તા સમજી, તેને કાયમ વંદન કરવાં જોઈએ. છતાં સમયનો અભાવ હોય, સાથે રહેતાં હોઈએ નહીં, કે પછી અન્ય કોઈ કારણ હોય, તો આ રીતે તેમનાં જીવનને સ્પેશિયલ બનાવવાનો મોકો વારંવાર મળશે નહીં, એ યાદ રાખી આજે એમનું જીવન વ્યર્થ નથી ગયું, તેઓ પણ કોઈની માટે ખાસ છે! આદર્શ છે! તેવું જતાવી આજે તેમને એક અનોખી ભેટ આપવી. મારે તો આ રીતે, એમને આજે યાદ કરી, અને આત્મસાત કરેલા તેમનાં ગુણો, તથા સંસ્કારોનું વહન કરી, તેમને શ્રદ્ધાંજલિ આપવાની છે! ભલે એ જીવતાં આવી એક પણ તક જવા નથી દીધી એનો સંતોષ છે. પણ પિતા જેવું ઉચ્ચ ચરિત્ર બનાવવાનો કાયમ પ્રયત્ન થવો જરૂરી છે, અને એની મુક સંવેદના આજીવન જીવંત રાખવાનો સંકલ્પ પૂરો કરી શકીએ તોય ઘણું. પિતૃદેવો ભવઃ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

ઓપરેશન મ્યુલ હંટ-૨.૦ અંતર્ગત શહેર ડીસીબીના પીઆઇ ચિરાગ જાદવને સફળતા

# નાણાની હેરફેરનું મુંબઇગરાનું જબરૂ કારસ્તાન

## એસટી બસ સ્ટેશન પાછળની હોટેલમાં રોકાઇને મુંબઇનો શખ્સ મ્યુલ એકાઉન્ટથી મુંબઇના સાગ્રીત સાથે મળી કરતો હતો નાણાની હેરફેરઃ રોકડ નાણા ઉપાડવા માટે આંગડીયામાં હવાલા પાડવામાં આવતાંઃ તપાસમાં સામે આવી ચોંકાવનારી વિગતોઃ આઠ બેંક ખાતાનો પર્દાફાશ

રાજકોટ, તા.૧૩

સાયબર ફ્રોડ માટે ભાડાના બેંક એકાઉન્ટ રાખીને કમીશન ખાનારા પણ સાયબર ગઠીયાઓ જેટલા જ જવાબદાર હોઇ ગુજરાત સરકાર ઓપરેશન મ્યુલ હંટ-૨.૦ ચલાવી રહી છે. આ અંતર્ગત શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમેને આવા એક કારસ્તાનને ચલાવતાં મુંબઇગરાના કાવત્રાને ઉઘાડુ પાડવાની સફળતા મળી છે. મુંબઇનો એક શખ્સ રાજકોટના બસ સ્ટેશન પાછળ હોટેલના રૂમમાં બેઠો બેઠો સાયબર ફ્રોડના નાણાની હેરફેરને અંજામ આપતો હતો. તેની સાથે મુંબઇ સ્થિત તેના બીજા સુત્રધારનું નામ પણ ખુલ્યું છે. આ બંને મ્યુલ એકાઉન્ટના નાણા એકમાંથી બીજામાં તુરત જ ટ્રાન્સફર કરી પછી રોકડેથી હેરાફેરી માટે આંગડીયાના હવાલાનો ઉપયોગ પણ કરતાં હોવાનું સામે આવ્યું છે.

વિગતો પર નજર કરીએ તો મુંબઈની સાયબર ક્રાઈમ ગેંગના એક સક્રિય સાગરીતને રાજકોટના એસ.ટી. બસ સ્ટેશન પાછળ આવેલી હોટેલમાંથી ઝડપી પાડ્યો હતો. પકડાયેલ આરોપી પોતાના મોબાઈલ ફોન મારફતે દેશભરમાં છેતરપિંડીના નાણાં સેરવી લેવા માટે વપરાતા મ્યુલ એકાઉન્ટ્સ-ભાડાના બેંક ખાતાનું નેટવર્ક ઓપરેટ કરતો હતો. તેની સામે મુંબઇનો તેનો સાગ્રીત પણ આ કારસ્તાનમાં સામેલ હતો. અલગ અલગ આઠ મ્યુલ બેંક એકાઉન્ટની વિગતો મોબાઇલ ફોનમાંથી મળી હતી. આ બંને ફ્રોડના નાણાની હેરફેર માટે આંગડીયામાં હવાલા પાડી રોકડાનો વ્યવહાર પણ કરતાં હતાં. પોલીસે આરોપી પાસેથી ૩ એન્ડ્રોઇડ મોબાઈલ ફોન સહિત કુલ પંદર હજારનો મુદ્દામાલ કબજે કરી વિશેષ તપાસ શરૂ કરી હતી.




વધુ માહિતી અનુસાર આ અંગે ડીસીબી પોલીસ સ્ટેશનના પીઆઇ સી. એચ. જાદવની ફરિયાદ પરથી મુંબઇ તારદેવ સ્લેટર રોડ ગંગા જમુના થીએટરની સામે સોનાવાલા બિલ્ડીંગ નં. ૮૮-ઇમાં રેહતાં રવિન્દ્ર ઘેવરચંદ જૈન અને વિનોદ કિશોરમલ રાંકા તથા તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધ્યો છે. આ બંને મુંબઇના શખ્સો રાજકોટના બસ સ્ટેશન પાછળ સમ્રાટ હોટેલમાં રોકાયા હતાં અને પુર્વઆયોજીત કાવત્રુ રચી મ્યુલ એકાઉન્ટમાંથી સાયબર ફ્રોડના નાણા ટ્રાન્સફર કરી અન્ય મ્યુલ એકાઉન્ટ હેન્ડલર પાસેથી આંગડીયામાં હવાલા મારફતે રોકડા રૂપિયા લઇ પહેલા મ્યુલ એકાઉન્ટ હેન્ડલર સુધી સાયબર ફ્રોડના નાણા પહોંચાડી તેમાંથી કમિશન મેળવવાનો ગુનો નોંધ્યો હતો. મુજબ ડીસીબી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ચીરાગકુમાર હરીભાઈ જાદવ અને તેમની ટીમ લેપટોપ અને પ્રિન્ટર જેવા જરૂરી સાધનો સાથે ખાનગી વાહનમાં શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા.

આ દરમિયાન ત્રિકોણબાગ પાસે પહોંચતા જ ચોક્કસ બાતમી મળી હતી કે, રાજકોટ એસ.ટી. બસ સ્ટેશનની પાછળ આવેલી હોટેલ સમ્રાટ ઈન્ટરનેશનલના રૂમ નં. ૩૧૦માં એક શખ્સ રોકાયેલો છે અને તે પોતાના મોબાઈલમાંથી મ્યુલ એકાઉન્ટ ઓપરેટ કરીને સાયબર ફ્રોડના નાણાંની હવાલા મારફતે ગેરકાયદેસર લેતી-દેતી કરે છે. બાતમીના આધારે પોલીસે તુરંત જ બે સ્થાનીય પંચોને સાથે રાખી હોટેલના રૂમ નં. ૩૧૦માં દરોડો પાડ્યો હતો. જ્યાંથી મુંબઈના તારદેવ વિસ્તારનો વતની રવિન્દ્ર ઘેવરચંદ જૈન કે જે ૪૧ વર્ષનો છે તે રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં અને પકડાયેલા મોબાઈલ ફોનની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. રવિન્દ્ર જૈન અને તેનો મુંબઈનો તેનો પાર્ટનર વિનોદ કિશોરમલ રાંકા બંને સાથે મળીને આ આખું નેટવર્ક ચલાવતા હતા. આ ટોળકી અન્ય નિર્દોષ કે લાલચુ વ્યક્તિઓના નામે સીમકાર્ડ મેળવી અલગ-અલગ બેંકોમાં મ્યુલ એકાઉન્ટ્સ ખોલાવતી હતી. તેમજ સાયબર ફ્રોડ દ્વારા ભોગ બનનાર વ્યક્તિના નાણાં જે પ્રથમ ખાતામાં આવે, ત્યાંથી પકડાવાના ડરથી આ નાણાં તુરંત જ બીજા મ્યુલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દેવામાં આવતા હતા. તેમજ બીજા ખાતાના હેન્ડલર પાસેથી આંગડિયાના હવાલા મારફતે રોકડ રકમ મેળવી લેવાતી અને સાયબર ફ્રોડના નાણાં હોવાની પુરી જાણ હોવા છતાં આ ગેંગ કમિશન મેળવીને આર્થિક લાભ મેળવવામાં આવતો હતો. પોલીસે આરોપી રવિન્દ્ર પાસેથી કબજે કરેલા વન પ્લસ અને સેમસંગ કંપનીના ૩ મોબાઈલ ફોનની ગેલેરી અને વ્હોટ્સએપ ગ્રુપ્સ ચેક કરતા બેંક ટ્રાન્ઝેકશનના સ્ક્રીનશોટ, હિસાબોની ચિઠ્ઠીઓ અને હવાલા માટે વપરાતી રૂ. ૨ થી લઈને ૨૦ સુધીની ચલણી નોટોના ફોટા મળી આવ્યા હતા.મોબાઈલમાંથી અલગ-અલગ બેંકોની મ્યુલ એકાઉન્ટ ડિટેલ્સ મળી આવી છે, જેના પર દેશભરમાંથી અગાઉ પણ અનેક સાયબર ફરિયાદો એનસીસીઆરપી પોર્ટલ પર નોંધાઈ ચુકી છે.

આ એકાઉન્ટમાં જય શક્તિ મલ્ટી ટ્રેડ એચડીએફસીબેંક, જય અંબે ટ્રેડીંગ યુનિયન બેંક, ઇલાઇટ એસ્કેપ ઇન્ટરનેશનલ ડીસીબી બેંક, સંજરી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ યુટીઆઇ બેંક, રાવ એન્ડ પાટીલ શીપીંગ આઇસીઆઇસીઆઇ બેંક, હોલીસ્ટીક બીઝનેસ આરબીએલ બેંક, સ્ટોરી ટેલર પ્રોડક્શન એયુ સ્મોલ બેંક અને અજીત ટ્રેડીંગ આરબીએલ બેંક નામના એકાઉન્ટ છે. આ તમામ મ્યુલ એકાઉન્ટ છે જેનો ઉપયોગ ફ્રોડના નાણાની હેરફેર માટે થતો હતો. રવિન્દ્ર અને વિનોદ બંને સાથે મળી ફ્રોડના નાણા ટ્રાન્સફર કરી આંગડીયાથી નાણાની હેરફેર કરી કમિશન મેળવતા હોઇ બંને સામે ગુનો દાખલ કરાયો હતો. હાલ રવિન્દ્રની ધરપકડ કરી વિશેષ તપાસ પીઆઇ સી. એચ. જાદવે યથાવત રાખી હતી. આ લોકોની તપાસમાં મુખ્ય સુત્રધારો સુધી પહોંચવાની પોલીસને આશા છે.

---

માતેલા સાંઢની જેમ દોડતાં ભારે વાહનો અવાર-નવાર બની જાય છે જોખમી-જીવલેણ

# જામનગર રોડ પર ટ્રકની ઠોકરે વિદ્યાર્થીનું મોત

## રેલનગરના પરિવારે એકનો એક ૧૬ વર્ષનો દિકરો ગુમાવ્યોઃ ઘંટેશ્વર પાસેની સ્કૂલેથી છુટી એક્ટીવા હંકારી ઘરે જતો હતો ત્યારે બનાવઃ અકસ્માત સર્જી ટ્રકચાલક ભાગી ગયો

રાજકોટ, તા.૧૩

હિટ એન્ડ રનના વધુ એક બનાવમાં એક પરિવારના આશાસ્પદ દિકરાનું મોત થયું છે. જામનગર રોડ પર શ્રી ખાટુ શ્યામજી મંદિર નજીક ટ્રકના ચાલકે એકટીવાને ઉલાળી દેતાં એક્ટ્ીવા ચાલક રેલનગરમાં રહેતાં ધોરણ-૧૧ના વિદ્યાર્થીનું ગંભીર ઈજા થવાથી કમકમાટી ભર્યુ મોત થયું હતું. શાળાએથી છુટીને તે ઘરે જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. જીવલેણ અકસ્માત સર્જીને ટ્રકચાલક ભાગી જતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.




શહેરમાં માતેલા સાંઢની જેમ દોડતાં વાહનો અનેક વાર અકસ્માત સર્જી ભાગી જતાં હોવાના બનાવ બને છે. આવી જ વધુ એક ઘટનામાં એક પરિવારે લાડકવાયો ગુમાવી દીધો હતો. રેલનગર ક્રિષ્ના બંગ્લોઝ-૩ ખાતે રહેતો મિલન અખિલેશભાઇ મોરીયા નામનો ૧૬ વર્ષનો છાત્ર બપોરે એકટીવા હંકારી ઘરે જતો હતો ત્યારે જામનગર રોડ પર શ્રી ખાટુ શ્યામજી મંદિર નજીક પહોંચ્યો ત્યારે ટ્રકની ઠોકરે ચડી જતાં ગંભીર ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ મૃત્યુ નિપજતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મિલન એક ભાઇ અને એક બહેનમાં નાનો હતો અને ઘંટેશ્વર પાસે આવેલી ક્રિસ્ટલ સ્કૂલમાં ધોરણ-૧૧માં ભણતો હતો. બપોરે શાળાએથી છુટીને ઘરે જતો હતો ત્યારે ટ્રક કાળ બની ગયો હતો. તેના પિતા એલ્યુમીનીયર સેક્શનનું મજુરી કામ કરે છે. દિકરાના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોલીસે અકસ્માત સર્જી ભાગેલા ટ્રકચાલકને શોધવા તપાસ શરૂ કરી હતી.

---

# વીઆઇપી લોન્જ બેગ્સના શો રૂમનો સ્ટોર મેનેજર ૫.૨૧ લાખ ખાઇ ગયો

## ઓડીટ થતાં હિસાબમાં ઘટ આવીઃ સ્ટોર મેનેજરે કહ્યું બે દિવસમાં હિસાબ આપીશ કહી હિસાબ ન દીધોઃ માલવીયાનગરમાં ફરિયાદ

રાજકોટ, તા.૧૩

ઉચાપતની વધુ એક ઘટના પોલીસ ચોપડે ચડી છે જેમાં શહેરના દોઢસો ફુટ રીંગ રોડ પર આવેલા વીઆઇપી લોન્જ બેગ્સના શો રૂમનો સ્ટોર મેનેજર પાંચ લાખથી વધુની રકમની ઉચાપત કરી જતાં ફરિયાદ દાખલ થઇ હતી. આ બનાવમાં માલવીયાનગર પોલીસે અમદાવાદ ગોતા પંચવટી રેસીડેનસી બી-૩૦૪, વંદે માતરમ ક્રોસ રોડ પાસે રહેતાં અને સૌરાષ્ટ્ર કચ્છના વીઆઇપી બેગના તમામ શો રૂમના એરીયા મેનેજર તરીકે ફરજ બજાતાં જીજ્ઞેશભાઇ પ્રમોદભાઇ પટલની ફરિયાદ પરથી રાજકોટના ભાવનગર રોડ પર ગંજીવાડામાં રહેતાં પારસ અરવિંદભાઇ પરમાર વિરૂધ્ધ રૂા. ૫,૨૧,૫૬૭ની ઉચાપત વિશ્વાસઘાતની એફઆઇઆ દાખલ કરાવી હતી.




આ અંગેની પોલીસ ફરિયાદમાં જીજ્ઞેશભાઇ પટેલે જણાવ્યું છે કે રાજકોટના ૧૫૦ ફૂટ રીંગરોડ પર આવેલા વીઆઇપી લોન્જ શો-રૂમમાં પારસ અરવિંદભાઈ પરમાર તારીખ ૧/૧૧/૨૦૨૫ થી સ્ટોર મેનેજર તરીકે કાર્યરત હતો. સ્ટોરના તમામ વેચાણ, રોકડ અને સ્ટોકની જવાબદારી પારસ હસ્તક હતી. ગઈ તારીખ ૦૨/૦૨/૨૬ના રોજ કંપની દ્વારા રાજકોટ બ્રાન્ચના એકાઉન્ટ્સ અને સ્ટોકનું ચેકિંગ-ઓડીટ કરવામાં આવ્યું હતું. તારીખ ૦૧/૧૧/૨૦૨૫ થી ૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન થયેલા માલના વેચાણની તપાસ કરતા તેમાં ગેરરીતી માલુમ પડી હતી.

માલ વેચાણની રોકડ રકમ રૂ. ૩,૦૮,૬૬૬, સ્ટોકની ખુટતી રકમ રૂ. ૨,૧૨,૯૦૧ મળી કુલ રૂા. ૫,૨૧,૫૬૭ની રકમની ઘટ આવી હતી. આ રકમ કંપનીના સત્તાવાર બેંક એકાઉન્ટમાં જમા કરાવવાના બદલે આરોપી પારસ પરમારે પોતાના અંગત વપરાશમાં વાપરી નાખી હતી. ઓડિટ દરમિયાન આ કૌભાંડ સામે આવતા એરિયા મેનેજરે સ્ટોર મેનેજર પારસ પરમારને ફોન કરીને હિસાબ માંગ્યો હતો. તે સમયે પારસે પોતે રજા પર હોવાનું બહાનું બતાવી બે દિવસમાં હિસાબ મોકલી આપીશ તેવો વાયદો કર્યો હતો.

પણ લાંબો સમય વીતી જવા છતાં તેણે હિસાબ ચૂકવ્યો ન હતો. શરૂઆતમાં બંને પક્ષો વચ્ચે સમાધાનની વાતચીત ચાલતી હોવાથી ફરિયાદ કરવામાં વિલંબ થયો હતો, પરંતુ અંતે કોઈ નિરાકરણ ન આવતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. માલવીયાનગર ઇન્સ. જે. અમ. કૈલાના માર્ગદર્શનમાં હેડકોન્સ. કુલદીપસિંહ બી. ગોહિલે ગુનો નોંધતા વધુ તપાસ પીએસઆઇ આર. આર. કોઠીયાએ હાથ ધરી હતી.

---

# જામીન અરજી ફગાવતી સેશન્સ કોર્ટ

## રકમ પરત ન ચુકવવી પડે તે માટે દબાણ લાવવા કરી'તી ફરિયાદ, પોલીસ-કોર્ટને ઉંધા ચશ્માં પહેરવાનો પ્રયાસ નિષ્ફળ

રાજકોટ, તા.૧૩

રકમ પરત ન ચુકવવી પડે તે માટે દબાણ લાવવા કરાયેલી ફરિયાદનાના ફરિયાદીએ જામીન અરજી રદ કરવા કરેલી અરજીને સેશન્સ કોર્ટે નામંજુર કરી છે. રાજકોટમાં પોલીસ ભરતીના ટ્રેનીંગના કલાસના ઓઠા હેઠળ અનેક લોકોના કરોડો રૂપીયા મેળવી લઈ તે રકમ પરત કરવી ન પડે વિકલ્પે લેણીયાતો જતી કરે તે માટે રકમ મેળવનાર વિશાલ વીરડા અને તેનો ભાઈ અનેફરીયાદ કરનાર તેના પિતા સહીતનાઓએ કાવત્રુ ઘડી સ્યુસાઈડ નોટ લખી ગુમ થવાનું નાટક કરી પિતા અને તેના પુત્રોએ રચેલા ત્રાગાના ભાગરૂપે નોંધાવેલી બે ફરીયાદો પૈકી શરત ભંગ સબબ મેટોડા પોલીસ સ્ટેશનના ગુનાના મંજુર થયેલા જામીન રદ કરવા ફરીયાદીએ કરેલ અરજી ગોંડલના એડી. સેશન્સ કોર્ટે નામંજુર કરી છે.



કેસની પ્રાપ્ત વિગતો મુજબ ફરીયાદીના ભાઈ વિશાલે આરોપી વિજય મકવાણમ પાસેથી પૈસા લીધા હતા. વિશાલ પરત આપી શકતો ન હોય તે બાબતનો ખાર રાખી વિજય અને ત્રણ અજાણ્યાશખ્શોએ ફરીયાદી કાલાવડથી રાજકોટ આવતા હતા ત્યારે તેની કારને વડવાજડી ગામના ગેઈટ પાસે આંતરી ઉભા રાખી લાકડા અને ધોકા વડે કારના કાચ તોડી આતંક મચાવ્યો હતો. એટલુજ નહી તારો ભાઈ વિશાલ કયાં છે? વિજયભાઈના પૈસા દેતો નથી, જવાબ દેતો નથી, વીજયભાઈએ કીધુ છે આજે તો તને પતાવી જ દેવો છે તેમ કહી જેમ ફાવે તેમ માર મારી કારને નુકશાન કરી કલેકટરના જાહેરનામાનો ભંગ કરતા દિલીપ વિનુભાઈ વીરડા(રહે.શાસ્ત્રીનગર, ગાંધીગ્રામ)એ તેના જ વિસ્તારના વીજય મકવાણમ અને ત્રણ અજાણ્યા વિરુદ્ધ મેટોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ગુનામાં પાંચ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જે તમામને ગોંડલના એડી. સેશન્સ કોર્ટે રેગ્યેલર જામીન પર મુકત કર્યા હતા.

આરોપી વીજય નારણ ભાઈ મકવાણાએ જામીન મુકત થયા બાદ જામીનની શરતનો ભંગ કર્યાનું કારણ આગળ ધરી ફરીયાદીએ ગોંડલની એડી. સેશન્સ કોર્ટમાં વીજય મકવાણાના જામીન રદ કરવા અરજી કરી હતી. જે અરજી સામે એડવોકેટ સુરેશ ફળદુએ વાંધા રજુ કરી દલીલો કરી હતી કે, આ ગુનામાં તપાસ પુર્ણ થયા બાદ ચાર્જશીટ થઈ ગઈ છે, જામીન મુકતી બાદ ફરીયાદી કે સાહેદને હેમ્પર ટેમ્પર અન્વયે કે

એસોલ્ટ કર્યા અન્વયે કોઈ એફ.આઈ. આર. રજીસ્ટર થઇ નથી, ફરીયાદી પોલીસ મશીનરી તેમજ અદાલતની પ્રોસેસનો દુરઉપયોગ કરી રહ્યા છે, ફરીયાદીના પિતાએ એકજ વિષય વસ્તુની યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં પણ ફરીયાદ કરી છે, પોલીસમાં ભરતી કરાવી દેવાના બહાને અનેક લોકો પાસેથી મેળવેલ કરોડો રૂપીયા પરત ન કરવા આખુ તરખટ રચવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. , ફરીયાદીએ શરત ભંગની તકરાર સાથે યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં સી.સી. ટી.વી. કુટેજ સાથે કરેલી ફરીયાદ ફાઈલે થઈ ગઈ છે. જે ફરીયાદ મેટોડા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવીનથી, મેટોડા પોલીસ સ્ટેશનના રજુ બંને રીપોર્ટ વીરોધાભાષી છે, સેશન્સ અદાલતે મેરીટસ પર હુકમ ફરમાવ્યો છે, એકવાર જામીન આપ્યા બાદ મીકેનીકલ મેનરમાં જામીન રદ થઈ શકે નહી, રેરેસ્ટ ઓફ ધી રેર કેસમાંજ જામીન રદ કરવા જોઈએ વિગેરે લંબાણ પુર્વક દલીલો કરવામાં આવતા, જામીન રદ કરવા ફરીયાદીએ કરેલી અરજી ગોંડલની સેશન્સ કોર્ટે નામંજુર કરી છે. આરોપી વીજય મકવાણમ વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, સાવન પરમાર, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવીન ખુંટ, જય પીઠવા, સાહીલ કંટારીયા તથા મદદમા નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણમ, રાહીલ ફળદુ રોકાયા હતા.

---

# બેડલામાં રવિના ઘરમાંથી PCBએ જપ્ત કર્યો પોણા ત્રણ લાખનો દારૂ

## ટીમને અલગ અલગ બ્રાન્ડની બોટલો તો મળી પણ રવિ હાથમાં ન આવ્યો

રાજકોટ, તા.૧૩

વિદેશી દારૂનો વધુ એક દરોડો પીસીબીની ટીમે પાડ્યો હતો. કુવાડવાના બેડલા ગામે મકાનમાં છુપાવેલ ૨.૮૩ લાખનો વિદેશી દારૂનો જથ્થો પીસીબીની ટીમે જપ્ત કર્યો હતો. પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વિશાલભાઇ દવેને બાતમી મળતાં ફાળદંગથી બેડલા ગામના રસ્તે બેડલા ગામ આંગણવાડી નજીકના મકાનમાં દરોડો પાડ્યો હતો. ઘરમાંથી પોલીસને ગ્રેટ ગેલીયન વ્હીસ્કીના ૧૮૦ એમએલના ૧,૦૭,૫૨૦ના ૩૩૬ ચપલા, ઓલ્ડ સ્કૂલના જામુન ફ્લેવર્ડના ૧૮૦ એમએલના રૂા. ૧,૦૮,૦૦૦ના ૭૨૦ ચપલા અને રોયલ ચેલેન્જની ૭૫૦ એમએલની ૪૫૫૦૦ની ૩૫ બોટલો તથા રોયલ સ્ટેગની ૭૫૦ એમએલની ૧૩૦૦૦ની ૧૦ બોટલો મળી આવતાં કુલ ૨,૮૩,૮૨૦નો દારૂ કબ્જે કર્યો હતો.



જો કે આરોપી રવિ વીહાભાઇ કાગડીયા હાજર ન હોઇ તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, આર. કે. જાડેજા, ટીમના મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગોસ્વામી, નગીનભાઇ ડાંગ, હિરેનભાઇ સોલંકી, યુવરાજસિંહ, દેવરાજભાઇ, વાલજીભાઇ, હિરેન્દ્રસિંહે આ કામગીરી કરી હતી.

### વધુ એક દગાખોરી લોહીયાળ બનીઃ બે સંતાનની માતા ક્રુર બની

# પ્રેમી સાથે મળી મહિલાએ પતિને પતાવી દીધો

## યુવાનની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી બંનેને પકડી લીધાઃ બીજી ઘટનામાં ધરાર પ્રેમીએ યુવતિના માથામાં સ્પ્રે છાંટી વાળ કાપી નાંખ્યા!

રાજકોટઃ તા. ૧૪

દામ્પત્ય જીવનમાં દગાખોરીની વધુ એક ઘટનાને કારણે પરિણામ ખોફનાક આવ્યું છે. એક પત્નિએ બેવફા બની પતિની હત્યા કરી છે. પરિણીતાને બીજા શખ્સ સાથે પ્રેમ થઇ ગયા બાદ પતિ કાંટાની જેમ ખુંચતો હોઇ પ્રેમી સાથે મળી પતિને પતાવી દીધો હતો. આ મર્ડર મિસ્ટ્રીનો પોલીસે ભેદ ઉકેલ્યો છે. હત્યારણ પત્નિ અને તેના બાવીસ વર્ષના પતિને ઝડપી લીધા છે. આ બંનેના દસ દિવસના રિમાન્ડ મંજુર થતાં સમગ્ર ઘટનાની જીણામાં જીણી હકિકત મેળવવા અને પુરાવા એકઠા કરવા પોલીસની ટીમ કામે લાગી છે.

વિગતો પર નજર કરીએ તો દાદરા નગર હવેલીના દાદરા ગામના દેમણી સ્કૂલ ફળિયામાં થયેલા હત્યાકાંડનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે હત્યાનો ભોગ બનનારની પત્નિ અને તેના બાવીસ વર્ષીય પ્રેમીની ધરપકડ કરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ દાદરા ગામના દેમણી સ્કૂલ ફળિયામાં રહેતા પાંત્રીસ વર્ષીય પ્રિતેશ પટેલ ટેમ્પો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમની પત્નિ અંકિતા પટેલ આંગણવાડીમાં નોકરી કરતી હતી. તેમને બાર વર્ષની દીકરી અને ત્રણ વર્ષનો દીકરો છે.

આ સમગ્ર ઘટના પ્રેમ પ્રકરણના કારણે બની હોવાનું સામે આવ્ય હતું. રાતે જમીને પ્રિતેશ પટેલ જમીને સૂઈ ગયા હતા. રાત્રે લગભગ દોઢ વાગ્યે અંકિતાનો પ્રેમી નિકુંજ ઘરમાં ઘૂસ્યો હતો અને ચાકુના ઘા ઝીંકી પ્રિતેશની નિર્મમ હત્યા કરી હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. પોલીસ તપાસ દરમિયાન સાક્ષીઓની પૂછપરછના આધારે મૃતકની પત્નિ અંકિતા અને તેના પ્રેમી નિકુંજની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ હાલ અન્ય પાસાઓની પણ તપાસ કરી રહી છે.

સામાન્ય રીતે પ્રેમ પ્રકરણ સાથે જોડાયેલી હત્યાની ઘટનાઓ મોટા શહેરોમાં જોવા મળે છે, પરંતુ દાદરા નગર હવેલી જેવા શાંત પ્રદેશમાં આવી ઘટના સામે આવતા લોકો આશ્ચર્યચકિત અને ચિંતિત છે. આ ઘટનામાં સૌથી દર્દનાક પાસું બે માસૂમ બાળકોના ભવિષ્યનું છે. પિતાનું મૃત્યુ થયું છે અને માતા જેલમાં છે, જેના કારણે બંને બાળકો એકસાથે માતા-પિતાના ેહથી વંચિત થઈ ગયા છે. પ્રદેશના જાગૃત



નાગરિકોના મતે અપરાધનું દુષ્પરિણામ ફક્ત આરોપી જ નહીં, પરંતુ તેનો આખો પરિવાર અને વિશેષ કરીને માસૂમ બાળકોએ ભોગવવું પડે છે. આ ઘટના ફરી એકવાર એ સંદેશ આપે છે કે ક્ષણિક ભાવનાઓ અથવા ગેરલાયક સંબંધોને કારણે ઉઠાવવામાં આવેલા પગલાં અનેક જિંદગીઓ બરબાદ કરી શકે છે, જેનો પસ્તાવો આજીવન રહે છે.

પ્રેમ પ્રકરણને કારણે થયેલી માથાકુટની અન્ય એક ઘટના જોઈએ તો શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતી વીસ વર્ષીય યુવતીને પ્રેમમાં પાગલ પૂર્વ પ્રેમી દ્વારા માથામાં સ્પ્રે નાખી અને વાળ કાપીને હેરાન પરેશાન કરવામાં આવી હતી. યુવતી જ્યારે રાત્રે ઓફિસથી ઘરે પરત ફરતી હતી ત્યારે નવા વાડજ બસ સ્ટેન્ડ પાસે પાછળથી આવીને માથામાં સ્પ્રે નાખ્યો હતો અને એક અઠવાડિયા પહેલા મેટ્રો સ્ટેશન નજીક કોઈ વસ્તુથી વાળ કાપી દીધા હતા. પૂર્વ પ્રેમી દ્વારા હેરાન કરવામાં આવતા યુવતીએ વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ચાંદલોડિયા વિસ્તારમાં વીસ વર્ષે યુવતી તેના પરિવાર સાથે રહે છે. વર્ષ ૨૦૧૯માં યુવતી ધોરણ ૧૧માં અભ્યાસ કરતી હતી અને કોરોનાનો સમય ચાલતો હતો ત્યારે સોશિયલ મીડિયામાં ઈન્સ્ટાગ્રામ મારફતે નડિયાદ વિસ્તારમાં રહેતા હિત ભોઈ નામના યુવક સાથે પરિચયમાં આવી હતી.

બંને એકબીજા સાથે વાતચીત કરતા હતા. ત્યારબાદ યુવતી જ્યારે ધોરણ ૧૨ના ટ્યુશન ક્લાસમાં જતી હતી ત્યારે હિત તેને મળવા માટે અવારનવાર આવતો હતો. યુવતી ધોરણ ૧૨નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કોલેજમાં આવી ત્યારે હિત અવારનવાર તેને ત્યાં મળવા આવતો હતો અને બંને વચ્ચે ેમ સંબંધ બંધાયો હતો. બાદમાં યુવતીને જાણ થઈ હતી કે હિતને અન્ય કોઈ યુવતી સાથે સંબંધ છે. જેથી બંને વચ્ચે ઝઘડો થયો હતો અને ત્યારબાદ યુવતીએ તેની સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા. દરમિયાન તાજેતરમાં યુવતી સાંજના સમયે નવા વાડજ બસ સ્ટેન્ડ નજીક બસની રાહ જોઈને ઉભી હતી. તે દરમિયાનમાં પાછળથી તેના માથામાં કોઈ સ્પ્રે નાખ્યો એવું જણાયું હતું જેથી તરત જ પાછળ જોતા હિત ભો હતો અને તું અહીંયા કેમ આવે છે તેમ પૂછતા સોરી કહેવા આવ્યો છું એવું કહ્યું હતું. યુવતીએ કહ્યું હતું કે મારે તારી સાથે કોઈ સંબંધ રાખવો નથી.

જેથી હિતે કહ્યું હતું કે હું તને જાનથી મારી નાખીશ ને આત્મહત્યા કરી લઈશ. તેમજ તમારા બધાના નામ લખી દઈશ જેથી યુવતી ગભરાઈ ગઈ હતી અને પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરી દીધો હતો. આ સમયે હિત ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ પહેલા પણ મેટ્રો સ્ટેશન નીચેથી પસાર થતી હતી ત્યારે શિવમ એપાર્ટમેન્ટ પાસે પાછળથી આ કોઈ સાધન વડે આવીને વાળ કાપી દીધા હતા. જેથી યુવતીએ બુમાબૂમ કરતા ત્યાંથી ભાગી ગયો હતો. અવારનવાર આ રીતે પરેશાન કરતા વાડજ પોલીસ સ્ટેશનમાં હિત ભોઈ વિરુદ્ધ યુવતીએ ફરિયાદ નોંધાવી હતી.

### ફ્રોડની ઘટનાઅ ન બની હોય તેવો એકપણ દિવસ જતો નથીઃ વધુ બે કિસ્સા

# સસ્તામાં પ્રોપર્ટી લેવા જતાં ગુમાવ્યા પોણા બે કરોડ

### વેપારીને ગઠીયો છેતરી ગયોઃ બીજા બનાવમાં સસ્તામાં લોખંડના સળીયા આપવાના નામે વેપારીને પાંચ લાખનો ડામ

રાજકોટઃ તા. ૧૪

ફ્રોડની રોજબરોજ બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક મસમોટી ઠગાઇ થઇ છે જેમાં એક વેપારી સાથે પ્રોપર્ટીના સોદાના નામે પોણા બે કરોડની છેતરપીંડી થઇ હતી. વેપારીને કોમર્શીયલ પ્રોપર્ટી સસ્તામાં આપવાની લાલચ દઇ આ ઠગાઇ કરવામાં આવી હતી. વિગતો પર નજર કરીએ તો સુરતમાં અડાજણના એક પ્રતિષ્ઠિત વેપારી અને તેમના પરિવારને કોમર્શિયલ પ્રોપર્ટી સસ્તામાં આપવાની લાલચ આપીને એક ભેજાબાજે રૂ. ૧.૭૦ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. અડાજણ વિસ્તારમાં રહેતા વેપારી રાજેશભાઈ ચંપકલાલ સોપારીવાલા અને તેમના પરિવારજનો એક મોટી છેતરપિંડીનો ભોગ બન્યા હતાં. આરોપી પિન્કેશકુમાર સુરેશભાઈ પટેલે ફરિયાદી પરિવારને પુણાગામ વિસ્તારમાં આવેલા ક્રિએશન પ્લાઝામાં દુકાન નંબર ૧૧૧ અને ૧૧૨ સહિતની પ્રાઈમ કોમર્શિયલ પ્રોપર્ટી વેચાણ આપવાનું વચન આપ્યું હતું. આ સોદો પાકો કરવા માટે આરોપીએ વેપારી પરિવારને જુદી જુદી કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર લઈ જઈને વિઝિટ પણ કરાવી હતી, જેથી કોઈને શંકા ન જાય.

પ્રોપર્ટીના બાના પેટે અને વેચાણ દસ્તાવેજના નામે આરોપીએ અલગ-અલગ સમયે કરોડો રૂપિયાની માંગણી કરી હતી. વેપારી રાજેશભાઈએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, આરોપી પિન્કેશ પટેલની વાતોમાં આવીને તેમણે અને તેમના પરિવારના સભ્યોએ કટકે-કટકે મોટી રકમ ચૂકવી હતી. આ વ્યવહારો માત્ર મૌખિક નહોતા, પરંતુ આરોપીએ ઓફિશિયલ બેંક ટ્રાન્ઝેક્શન, રોકડ રકમ તેમજ ડાયરીમાં પોતાના હસ્તાક્ષરમાં લખાણ કરીને કુલ રૂ. ૧,૭૦,૩૦,૦૦૦ ઉઘરાવી લીધા હતા. વેપારી પરિવારને એમ હતું કે ટૂંક સમયમાં જ દુકાનોનો દસ્તાવેજ તેમના નામે થઈ જશે, પરંતુ આરોપીના મનમાં કંઈક જુદો જ પ્લાન ચાલી રહ્યો હતો.

પરંતુ લાંબો સમય વીતી જવા છતાં જ્યારે -ોપર્ટીનો વેચાણ દસ્તાવેજ ન થયો, ત્યારે રાજેશભાઈએ પોતાની રકમ પરત માંગવાનું શરૂ કર્યું હતું. જોકે, આરોપી પિન્કેશ પટેલે વસૂલ કરેલી કુલ રકમમાંથી રૂ. ૧,૬૧,૬૪,૯૦૦ પરત આપ્યા જ નહીં અને વાયદાઓ કરવાનું ચાલુ રાખ્યું હતું. આખરે આર્થિક રીતે પાયમાલ થયેલા પરિવારે સુરત પોલીસના આર્થિક ગુના નિવારણ શાખાનો સંપર્ક કર્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર કે.એમ. છાસિયાએ જણાવ્યું છે કે, આરોપી સામે ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધીને બેંક એકાઉન્ટના સ્ટેટમેન્ટ્સ અને ડાયરીના લખાણના પુરાવાઓ એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. આ કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તેની પણ તપાસ શરૂ કરવામાં આવી હતી.

બીજા એક બનાવમાં કામરેજમાં એક કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર સાથે સસ્તા સળિયા આપવાના બહાને ૫ લાખ ૧ હજાર રૂપિયાની છેતરપિંડી થઈ છે. અજાણ્યા ઠગે સોશિયલ મીડિયા દ્વારા ઓળખાણ કેળવી, પોતાને થ્લ્ષ્ સ્ટીલનો એરિયા મેનેજર ગણાવી ઓનલાઈન પૈસા પડાવ્યા હતા. આ મામલે કોન્ટ્રાક્ટરે કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. કામરેજના શાંતિવન સોસાયટીમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા કિશોરભાઈ વલ્લભભાઈ વણપરિયાની મોબાઈલ ઈન્ટરનેટ દ્વારા એક અજાણ્યા ઈસમ સાથે ઓળખાણ થઈ હતી. આ ઈસમે પોતાને થ્લ્ષ્ સ્ટીલમાંથી એરિયા મેનેજર તરીકે ઓળખાવી, બાંધકામમાં વપરાતા સસ્તા લોખંડના સળીયા આપવાની ઓફર કરી હતી.ત્યારબાદ ઠગે ભાવતાલ મોકલ્યા બાદ કોન્ટ્રાક્ટર કિશોરભાઈ પાસેથી ઓર્ડર પેટે -થમ ૩ લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ ગાડીમાં પૂરતો લોડિંગ ન હોવાનું બહાનું આપી વધુ ૨ લાખ રૂપિયા મંગાવ્યા હતા. આમ, કુલ ૫ લાખ ૧ હજાર રૂપિયા ફરિયાદીની પત્નીના બેંક ખાતામાંથી ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. પૈસા લીધા બાદ ઠગે સ્ટીલની ડિલિવરી અંગે વારંવાર ગલ્લાંતલ્લાં કર્યા અને પછી ફોન ઉપાડવાનું ટાળ્યું હતું. પોતે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું સમજાતા કિશોરભાઈ વણપરિયાએ તાત્કાલિક કામરેજ પોલીસને જાણ કરી હતી. કામરેજ પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ધર્મેશની સમજીને કારના કાચ ફોડયા એ જીજ્ઞેશની નીકળી!

### રણુજા મંદિર પાસેની સોમનાથ સોસાયટીમાં બનાવઃ કાર માલિકે તોડફોડ કરનારને સાચુ સમજાવ્યું તો પણ ગાળો દીધી અને ભાગી ગયો

રાજકોટઃ તા. ૧૪

અમુક શખ્સો કારણ વગર ગમે તેની સાથે ડખ્ખો કરી લેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં કોઠારીયા રોડની સોસાયટીમાં રહેતાં યુવાનને ઘર પાસે પાર્ક કરેલી પાર્કના કાચ એક શખ્સે તોડી નાંખી નુકસાન કરતાં તેને અટકાવીને આ માટે આવુ કરે છે પુછતાં તેણે મને એમ કે આ કાર ધર્મેશની છે એટલે તોડફોડ કરુ છું તેમ કહી ગાળો દઇ ભાગી ગયો હતો.

બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે આ મામલે સોમનાથ સોસાયટી-૨માં રહેતાં જીજ્ઞેશભાઇ બાવકુભાઇ ચાવડાની ફરિયાદ પરથી અભી જળુ સામે ગુનો દાખલ કર્યો હતો. જીજ્ઞેશભાઇ સેન્ટીંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે તેની પાસે આઇ-૨૦ કાર જીજે૦૩જેસી-૮૫૨૪ છે જે પોતે રોજિંદા વપરાશ માટે ઉપયોગમાં લે છે. આ કાર ઘરની પાસે આવેલા શેરીના કોમન પ્લોટમાં પાર્ક કરે છે. શુક્રવારેરાત્રે સાડા અગિયાર વાગ્યાની આસપાસ જીજ્ઞેશભાઈ અને તેમનો પરિવાર ઘરે સુતો હતો, ત્યારે તેમની જ શેરીમાં રહેતા કાકાના દીકરા હાર્દિકભાઈએ ફોન કરીને જણાવ્યું કે કોમન પ્લોટમાં પાર્ક કરેલી તેમની કારના કાચ કોઈ ફોડી રહ્યું છે. ફોન આવતા જ જીજ્ઞેશભાઈ તાત્કાલિક ઘરની બહાર દોડીને કોમન પ્લોટ તરફ પહોંચ્યા હતા. ત્યાં જઈને જોયું તો એક શખ્સ હાથમાં લોખંડનો પાઈપ લઈને ભો હતો અને તેમની આઈ-૨૦ કારના આગળ-પાછળના તેમજ ચારેય દરવાજાના કાચ તૂટેલી હાલતમાં હતા. જીજ્ઞેશભાઈએ તેને અટકાવીને પૂછ્યું કે-ભાઈ તેં કેમ મારી ગાડીના કાચ ફોડ્યા? ત્યારે તોડફોડ કરનાર શખ્સે કહેલું કે-મને એમ કે આ ધર્મેશની કાર છે, મારે તેની સાથે માથાકૂટ ચાલે છે, એટલે મેં તેની કાર સમજીને કાચ ફોડ્યા છે!

આથી જીજ્ઞેશભાઈએ તેને સમજાવ્યું કે આ કાર ધર્મેશની નહીં પણ તેમની પોતાની છે, ત્યારે તે શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો અને આ કાર ધર્મેશની જ છે તેમ કહીને જીજ્ઞેશભાઈને ગાળો આપવા લાગ્યો હતો. આ દરમિયાન ત્યાં એક અજાણ્યો માણસ આવી ચડ્યો હતો અને તોડફોડ કરનારને તું ચાલ ઘરે તેમ કહીને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જિજ્ઞેશભાઈએ તે અજાણ્યા વ્યક્તિને પુછતા જાણવા મળ્યું હતું કે તોડફોડ કરનાર શખ્સનું નામ અભી જળુ છે. આજીડેમ પોલીસને જાણ કરતાં ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

### નહિ જેવી વાતે કાળઝાળ થઇ જતો માણસ બની રહ્યો છે જોખમીઃ વધુ એક લોથ ઢળી

# મનદુઃખને લીધે રિક્ષાચાલકનું ઢીમ ઢાળતો મિત્ર

### દોઢ મહિનાથી ચાલતી તકરાર લોહીયાળ બનીઃ છરીના ઘા ઝીંકી હત્યા કરી મિત્ર તેના સાગ્રીત સાથે પલાયનઃ બીજી ઘટનામાં હત્યા કરી ચૌદ વર્ષથી ફરાર થયેલો શખ્સ અંતે ઝડપાઇ ગયો

રાજકોટઃ તા. ૧૪

નાની મોટી વાતે થતી બોલાચાલી, ઝઘડાઓને કારણે મારામારી અને ઘણીવાર હત્યાની ઘટનાઓ બની જાય છે. વધુ એક આવા કિસ્સામાં એક યુવાનનું તેના જ મિત્રએ ઢીમ ઢાળી દીધુ છે. બંને વચ્ચે દોઢ મહિના પહેલા સામાન્ય વાતે તકરાર થયા બાદ બંને વચ્ચે માનદુઃખ ચાલતું હોઇ જેનો ખાર રાખીને એક મિત્રએ બીજા મિત્રને છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. અન્ય એક શખ્સે પણ હત્યામાં મદદગારી કરી હતી. હત્યા બાદ બંને આરોપી ભાગી જતાં પોલીસે શોધખોળ શરૂ કરી હતી.

વિગતો જોઇએ તો અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલા હીરાવાડી ચાર રસ્તા પાસે મોડીરાત્રે અંગત અદાવતમાં મિત્રએ જ મિત્રની ઘાતકી હત્યા કરી નાખતા ચકચાર મચી ગઈ હતી. રિક્ષા ચલાવતા બે યુવકો વચ્ચે છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહેલી તકરારનો આખરે લોહિયાળ અંત આવ્યો છે. સામાન્ય બોલાચાલી ઉગ્ર બનતાં યુવકના મિત્રએ તેના સાથીદાર સાથે મળીને જાહેરમાં છરીના ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા અને ત્યારબાદ બંને આરોપી ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ બાપુનગર પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. બાપુનગર વિસ્તારમાં મહાવીર નગર પાસે આવેલી રતિલાલની ચાલીમાં શુભમ ઉર્ફે છોટુ કોરી નામનો અઠ્ઠાવીસ વર્ષનો યુવાન રહેતો હતો. શુભમ વ્યવસાએ રિક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેની જ ચાલી નજીક રહેતો વિજય ઉર્ફે શાલુ રાજપૂત પણ રિક્ષા ચલાવતો હોવાથી બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી.

છેલ્લા દોઢ મહિનાથી બંને મિત્રો વચ્ચે કોઈ અજ્ઞાત કારણોસર મોટો ઝઘડો થયો હતો. આ ઝઘડા બાદ બંને એકબીજાના કટ્ટર દુશ્મન બની ગયા હતા અને મનમાં અદાવત રાખીને ફરતા હતા. દરમિયાન રાત્રે શુભમ હીરાવાડી ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે જ વિજય ઉર્ફે શાલુ અને તેનો અન્ય એક મિત્ર આકાશ રાઠોડ ત્યાં આવી પહોંચ્યા હતા. જૂની અદાવતને લઈને બંને પક્ષે ફરીથી સામસામે ગાળાગાળી અને ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. આ દરમિયાન આવેશમાં




આવીને વિજયે પોતાની પાસે સંતાડી રાખેલી છરી કાઢી હતી અને શુભમ પર તૂટી પડ્યો હતો.

હુમલો કર્યા બાદ બંને આરોપી અંધારાનો લાભ લઈને ત્યાંથી ભાગી છૂટ્યા હતા. જાહેરમાં બનેલી આ ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને લોહીથી લથપથ શુભમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. પણ હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. બાપુનગર પોલીસે આ ચકચારી મર્ડર કેસમાં મૃતકના પરિવારજનોની ફરિયાદના આધારે વિજય ઉર્ફે શાલુ રાજપૂત અને આકાશ રાઠોડ વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે બંને રોપીઓને ઝડપી પાડવા માટે જુદી-જુદી ટીમો બનાવી છે અને ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સિસની મદદથી અલગ-અલગ વિસ્તારોમાં શોધખોળ હાથ ધરી હતી.

બીજી તરફ સુરતના અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૦૧૨માં એટલે કે ચૌદ વર્ષ પહેલા થયેલી એક યુવકની ઘાતકી હત્યાના ગુનામાં છેલ્લા દોઢ દાયકાથી પોલીસને થાપ આપી નાસતા ફરતા મુખ્ય આરોપીને સુરત શહેર ક્રાઇમ બ્રાંચે બિહારથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. આરોપી પોતાની ઓળખ છુપાવીને અલગ-અલગ રાજ્યોમાં મજૂરી કરતો હતો, જેને આખરે ક્રાઇમ બ્રાંચની ટીમે ઓપરેશન પાર પાડી દબોચી લીધો હતો. ૨૦૧૨માં આરોપી ભોલાસિંગ સત્યનારાયણસિંગ અને તેનો વતનનો મિત્ર મોહિતસિંગ કામકાજની શોધમાં સુરત આવ્યા હતા. સુરત આવીને તેઓ અમરોલી ખાતે રહેતા તેમના એક મિત્ર મુકેશના રૂમ પર રોકાયા હતા અને અમરોલી સ્ટેશન રોડ પર આવેલી એક પ્રિન્ટિંગ મિલમાં મજૂરી કામ કરવા લાગ્યા હતા.

દરમિયાન રૂમ ભાડાના તેમજ ઘરખર્ચના પૈસાની લેવડ-દેવડ બાબતે આરોપી ભોલાસિંગ અને અમિતસિંગ રાજપૂત નામના અન્ય એક ઈસમને મોહિતસિંગ સાથે ભારે તકરાર થઈ હતી. આ પૈસાનો મામલો એટલો બિચક્યો હતો કે કોસાડ એસ.એમ.સી. આવાસના ટેરેસ પર બંને આરોપીએ ભેગા મળીને મોહિતસિંગ સાથે ઉગ્ર ઝઘડો કર્યો હતો. ત્યારબાદ મોહિતસિંગને ઢીકાપાટુ તથા લાકડાના ફટકા વડે બેરહેમીથી માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહીં, માર માર્યા બાદ મુખ્ય આરોપી ભોલાસિંગે મોહિતસિંગને આવાસના ચોથા માળના ટેરેસ પરથી સીધો નીચે ધક્કો મારી દીધો હતો, જેથી ગંભીર ઈજાઓ થવાના કારણે તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. આ ચકચારી હત્યાની ઘટના બાદ બીજો આરોપી અમિતસિંગ રાજપૂત તો જે-તે સમયે પોલીસના હાથે પકડાઈ ગયો હતો. પરંતુ મુખ્ય સૂત્રધાર ભોલાસિંગ પોતાની ધરપકડથી બચવા માટે તાત્કાલિક સુરત છોડીને ઉત્તર -દેશના ગાઝિયાબાદ ભાગી ગયો હતો. અંતે તે હાથમાં આવ્યો હતો.

નદીમાંથી મળેલા માથાની ઓળખ થયા બાદ હત્યારાએ જે કબુલાત આપી તેની સામે ક્રુરતા પણ શરમાઇ ગઇ

# બે સગીરને બાજુમાં બેસાડી લાશના ટુકડા કર્યા'તા!

**હૈવાન અજીતમોલાએ હત્યા બાદ લાશ બાથરૂમમાં મુકી નિરાંતે ભોજન કર્યુ હતું: ત્રણ દિવસ સુધી લાશ રાખી મુકી: પછી મટન કાપવાના છરા ખરીદી લાવ્યો: ઘટનાને જાણતાં બે સગીરોને લાશ કાપવામાં મદદ કરવા કહ્યું: બંનેને ધમકાવ્યા કે કોઇને વાત કરશો તો તમારી પણ આ હાલત થશે: બાળકોએ લાશ કાપવાની ના પાડતાં બાજુમાં બેસાડી રાખ્યા: ધડ-માથાના નિકાલમાં પણ સગીરને ધરાર મદદમાં સાથે રાખ્યો: ૧૦ દિવસના રીમાન્ડ મળતાં વિસ્તૃત પુછપરછ**

રાજકોટ: તા. ૧૪

શહેરમાં આઠ વર્ષ પહેલા નદીમાંથી મળેલુ માથુ બંગાળના ચૌદ વર્ષના બાળકનું હોવાનું અને તેની હત્યા બંગાળી ઠેકેદાર અજીતમૌલા અજમતમૌલએ કર્યાનો પર્દાફાશ થયા બાદ ક્રાઇમ બ્રાંચના ડીસીપી જગદીશ બાંગરવાની રાહબરીમાં પીએસઆઇ ચંદ્રસિંહ બી. જાડેજા અને ટીમે આરોપીની વિસ્તૃત પુછતાછ ચાલુ કરતાં માનવતાને હચમચાવી મુકે અને ક્રુરતા પણ શરમાઇ જાય તેવી હત્યારાની કબુલાત સામે આવી હતી. મારકુટથી મોતને ભેટેલા બાળકની લાશ ત્રણ દિવસ બાથરૂમમાં રાખી મુકી હતી, પછી બે સગીર આ ઘટનાને જાણી ગયા હોઇ તે બીજા કોઇને વાત ન કરે એ માટે તેને પણ પતાવી દેવાની ધમકી દઇ બાદમાં બંનેને લાશની બાજુમાં જ બેસાડીને મટન કાપવાના છરાથી લાશના કટકા કર્યા હતાં!

બંગાળી ઠેકેદાર અજીતમૌલા અજમતમૌલા હત્યા કરી એ પહેલાના ઘણા વર્ષોથી બંગાળમાં અત્યંત ગરીબ પરિવારના બાળકોને માત્ર આઠ આઠ હજાર રૂપિયામાં રાજકોટ લાવી તેની પાસે ઇમિટેશનની કાળી મજુરી કરાવતો હોવાનો ગયા વર્ષે પર્દાફાશ થયો હતો. આવા એકવીસ બાળકોને ક્રાઇમ બ્રાંચ, એએચટીયુ, એસઓજીની ટીમે મુક્ત કરાવ્યા હતાં. આ બાળકોમાંથી એક બાળક ગૂમ હોવાની અને તે બંગાળી હોવાની વિગતો મળતાં પોલીસે તપાસ શરૂ કરી હતી અને એક પછી એક કડીઓ મળી હતી અને ખળભળાટ મચાવતી હકિકત સામે આવી હતી. આઠ વર્ષ પહેલા ૨૦૧૮માં શહેરના રૂખડીયાપરા પાસેથી પસાર થતી આજી નદીમાંથી બાળકનું માથુ મળી આવ્યું હતું. આ ઘટનાનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલી નાંખતા ખળભળાટ મચાવતી વિગતો સામે આવી છે. આ માથુ પશ્ચિમ બંગાળના શુભમ વિનોદભાઈ હસદા નામના ચૌદ વર્ષના બાળકનું હોવાનું ખુલ્યુ હતું.

મજુરી માટે બંગાળથી રાજકોટ લાવનારા બંગાળી ઠેકેદાર હાલ સામા કાંઠે રાજનગરમાં રહેતાં બંગાળના ૪૦ વર્ષના અજીતમૌલા આજમતમૌલાએ આ બાળકની હત્યા કર્યાનું ખુલતાં તેનો જેલમાંથી કબ્જો લઇ ધરપકડ કરાઇ હતી. તપાસમાં આ ઠેકેદારની ક્રુર શૈતાનીતય સામે આવી છે. તોફાન કરતાં અને વતન જવાની જીદ કરતાં શુભમને ઢીકાપાટા મારી પતાવી દીધા બાદ અજીતમૌલાએ ત્રણ દિવસ સુધી લાશ રામનાથપરાના ઘરના બાથરૂમમાં રાખી હતી. આ પછી આ ઘટનાને જાણી ગયેલા બે સગીરને લાશની પાસે બેસાડી છરાથી ટુકડા કર્યા હતાં. આ બાળકો કોઇને ઘટનાની જાણ ન કરે તે માટે લાશનો નિકાલ કરવામાં પણ એકને સાથે રાખ્યો હતો!

ગયા વર્ષે શહેર ક્રાઇમ બ્રાંચના તત્કાલીક ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલની રાહબરીમાં તે વખતે એસીપી ભરત બસીયા, એસઓજી પીઆઇ સંજયસિંહ જાડેજા, એએચટીયુના પીઆઇ બી. એમ. ઝણકાટ સહિતે બાતમીને આધારે ૨૧ જેટલા બંગાળી બાળકો કે જેને બંગાળથી અજીતમૌલા અજમતમૌલા રૂ. ૮૦૦૦માં મજુરી કરવા લાવ્યો હતો અને આ બાળકો પર સીતમ ગુજારતો હોઇ તેમને મુક્ત કરાવ્યા હતાં. જે તે વખતે બાળકોની તબીબી તપાસ થતાં અજીતમૌલાએ એક બાળક સાથે બળજબરી આચરી હોવાનું ખુલતાં અલગથી ગુનો નોંધાયો હતો. આ ગુનામાં તે જેલહવાલે થયો હતો. જે તે વખતે પોલીસને જાણવા મળ્યુ હતું કે જે બંગાળી બાળકોને મુક્ત કરાવ્યા તેમાંથી એક બાળક ગૂમ છે. આ બાળક કોણ હોઇ શકે? બાળક ક્યાં હશે? સહિતના સવાલો ઉકેલવા હાલની ક્રાઇમ બ્રાંચની ટીમે ડીસીપી જગદીશ બાંગરવાની



સુચના અંતર્ગત એસીપી ભરત બસીયાની રાહબરીમાં તપાસ શરૂ કરી હતી. જે તે વખતે બી-ડિવીઝનમાં ફરજ બજાવતાં પીએસઆઇ એસ. એમ. રાણાએ ૨૦૧૮માં આજી નદીમાંથી મળેલા માથાને ધ્યાને રાખી તપાસ શરૂ કરી હતી. આ તપાસનો દોર બંગાળ સુધી લંબાયો હતો. પોલીસને માહિતી મળી હતી કે બંગાળના દંપતિનો દિકરો શુભમ હસદા ગુમ છે જે અજીતમૌલાને ત્યાં કામ કરતો હતો. આ પછી ટીમે તપાસ આગળ ધપાવી હતી. ડીએનએ ટેસ્ટ સહિતની કાર્યવાહી અને એફેએસએલની મદદ લઇ ગૂમ થયેલા બાળકોના દેશભરના ડેટા મંગાવી કાર્યવાહી કરી હતી. આ દરમિયાન અજીતમૌલાની પણ વિસ્તૃત પુછતાછ થતાં તેણે પ્રાથમિક તબક્કે નદીમાંથી જે માથુ મળ્યું તે શુભમનું હોવાની અને હત્યા કર્યાની કબુલાત તાજેતરમાં આપી દીધી હતી. ડીએનએ પરિક્ષણ બાદ રીપોર્ટ આવતાં માથુ બંગાળી બાકળનું જ હોવાનું સ્પષ્ટ થઇ જતાં અજીતમૌલા અજમતમૌલાનો કબ્જો મેળવી વિસ્તૃત પુછતાછ થઇ હતી. વિધીવત ધરપકડ બાદ જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાએ સમગ્ર ઘટનાની વિગતો આપી હતી. અજીતમૌલાએ કબુલ્યું હતું કે મજુર માટે રાખેલો બાળક શુભમ તોફાન કરતો હોઇ કામમાં ધ્યાન દેતો ન હોઇ અને વતન કરવાની જીદ કરતો હોઇ રામનાથપરા-૧૮ના મકાનમાં તેને મારકુટ કરી હતી. આ વખતે અન્ય બે ૧૪ અને ૧૨ વર્ષના બાળકો પણ હતાં. મકાનના ઉપરના રૂમમાં મારકુટ વખતે દેકારો થતાં નીચેના માળેથી બે બાળકો ઉપર જોવા જતાં અજીતમૌલાએ તેને ચુપ રહેવા કહ્યું હતું. આ દરમિયાન શુભમનું મોત થઇ ગયું હતું.બે બાળકો હાજર હોઇ અજીતમૌલાએ તેમને ડરાવ્યા હતાં કે જો તમે કોઇને કહેશો તો તમને પણ મારી નાંખીશ. આથી બાળકો નીચે જઇ સુઇ ગયા હતાં. ડરી ગયેલા અજીતમૌલાએ ઉપરના રૂમમાં બાથરૂમમાં શુભમની લાશ મુકી દીધી હતી અને બાદમાં નિરાંતે જમીને સુઇ ગયો હતો. એ પછી લાશનો નિકાલ કરવાનો પ્લાન કર્યો હતો અને કોથળામાં ભરવાનો પ્રયાસ કર્યો હતો. પણ લાશ તેમાં સમાઇ નહોતી. આથી તે ગુજરીબજારમાં જઇ મટન કાપવાના બે છરા લઇ આવ્યો હતો.

ત્રણ દિવસ સુધી લાશ બાથરૂમમાં રહેતાં ગંધ આવવા માંડતા તેણે બે સગીર કે જે ઘટનાથી વાકેફ હતાં તેને બોલાવ્યા હતાં અને લાશ કાપવામાં મદદ કરવાનું કહી છરો આપ્યો હતો. પણ આ બાળકોએ આવુ કરવાની ના પાડતાં તેને લાશની બાજુમાં જ બેસાડી રાખી પોતે ધડ-માથુ અલગ કર્યા હતાં. આથી આ બાળકો ખુબ ફફડી ગયા હતાં અને કોઇને વાત કરી નહોતી. ધડ માથુ નોખા કર્યા પછી ધડ કોથળામાં ભરી ટીવીએસ મોપેડ પર તેને બેડી પાસે ફેંકવા ગયો હતો. આ વખતે પણ બેમાંથી એક સગીરને સાથે લીધો હતો.એ પછી વધુ એક દિવસ સુધી માથુ બાથરૂમમાં રાખી મુકી બાદમાં ફરીથી સગીરને સાથે લઇ આજી નદીમાં ફેંકી આવ્યો હતો. આ પછી કંઇ બન્યું ન હોય તેમ રૂટીન કામમાં પરોવાઇ ગયો હતો. આ ઘટનાના આઠ વર્ષ બાદ શહેર પોલીસે અજીતમૌલાને બાળકોને ગેરકાયદે ગોંધી રાખી બાળમજુરી કરાવવાના ગુનામાં પકડતાં એક બાળક ગુમ હોવાની વિગતો સામે આવી હતી અને તેની તપાસ શરૂ થતાં અંતે ભેદ ખુલ્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી જગદીશ બાંગરવાની રાહબરીમાં એસીપી ભરત બસીયાના માર્ગદર્શનમાં પીએસઆઇ સી. બી. જાડેજા, મદદનીશ જનકભાઇ કુગશીયા, પ્રતિકભાઇ રાઠોડ વધુ તપાસ કરે છે. આરોપી અજીતમૌલાને સાંજે જ્યાંથી માથુ મળ્યું હતું ત્યાં અને રામનાથપરામાં તેણે જ્યાં હત્યા કરી તે સ્થળે લઇ જઇ રીકન્સ્ટ્રકશન કરાવાયું હતું. ચૌદ દિવસના રિમાન્ડ મેળવવા તજવીજ કરવામાં આવી હતી. અદાલતે ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કરતાં નક્કર પુરાવા એકઠા કરવા આગળની તપાસ પીએસઆઇ ચંદ્રસિંહ બી. જાડેજા અને તેમના મદદનીશોએ વિશેષ તપાસ આગળ ધપાવી હતી.

**એ કહે છે છોકરાવ જોઇએ છે, છોકરાવ જોતા હોય તો ભાગી શું કામ ગઇ...આ લોકો મને શાંતિથી રહેવા દેતાં નથી**

# પત્નિ- પ્રેમીના ત્રાસથી યુવાન થયો'તો મરવા મજબૂર

**વિવેકાનંદનગરની ઘટનામાં આપઘાત પુર્વેનો વિડીયો મળ્યો: ભક્તિનગર પોલીસે મૃતક યુવાનની પત્નિ રેશ્મા, તેના કથીત પ્રેમી કિશન, રેશ્માની કાલાવડ રહેતી બે બહેનો વિરૂધ્ધ દાખલ કરી એફઆઇઆર: યુવાન કંટાળીને ઝેર પી જતાં થયું હતું મોત**


રાજકોટ: તા. ૧૪

અઠવાડીયા પહેલા કોઠારીયા રોડ વિવેકાનંદનગરના યુવાને ઝેર પી આપઘાત કરી લીધાની ઘટનામાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આ યુવાને આપઘાત પુર્વે વિડીયો બનાવી પોતાની પત્નિ, તેના કથીત પ્રેમી અને પત્નિની બે બહેનોના ત્રાસની વિગતો વર્ણવી હતી. વારંવાર ગમે તેની સાથે ભાગી જતી અને પછી ગમે ત્યારે પાછી આવી જતી પત્નિ છેલ્લે ત્રણ મહિના પહેલા સંતાનોને સુતા મુકી ભાગી ગઇ હતી. પછી કથીત પ્રેમી સાથે હોવાનો ફોન કર્યો હતો. આ પ્રેમી પણ યુવાનને ધમકાવતો હોઇ કંટાળીને તેણે મોત મેળવ્યાનું ખુલતાં પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો અઠવાડીયા પહેલા વિવેકાનંદ નગરમાં રહેતાં અમિતભાઇ મહેબુબખાન પઠાણ નામના સાડત્રીસ વર્ષના યુવાને પોતાની પત્નિ સહિતના ત્રાસ અંગેનો વિડીયો બનાવી ઝેર પી આપઘાત કરી લીધાના બનાવમાં પોલીસે તેની પત્નિ, તેણીની સાથેના શખ્સ અને પત્નિની બે બહેનો સામે મરી જવા મજબૂર કર્યાનો ગુનો નોંધ્યો છે. આ બનાવમાં ભક્તિનગર પોલીસે બાબરીયા કોલોની શેરી નં. ૪માં માહિર પ્રોવિઝન પાસે રહેતાં અબઝલભાઇ અનવરખાન પઠાણની ફરિયાદ પરથી આપઘાત કરનાર તેના પિત્રાઇ ભાઇ અમિતભાઇ પઠાણની પત્નિ રેશ્મા, કિશન ગમારા અને રેશ્માની બહેન તસલીમ તથા ઇરફાના વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. આ બનાવમાં અબઝલભાઇ પઠાણ સોરઠીયા વાડી સર્કલ પાસે ક્રિષ્ના હોટેલમાં નોકરી કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારા એક કાકા મહેમુદખાન પઠાણ બાબરીયા કોલોનીમાં રહે છે. તેમને સંતાનમાં એક દિકરો અમિત અને એક દિકરી રૂબીનાબેન છે. તેણી રાજકોટ સાસરે છે. અમિતભાઇના લગ્ન સત્તર વર્ષ પહેલા ચોટીલાના આબીદખાન બાદરખાન પઠાણની દિકરી રેશ્મા સાથે થયા હતાં. લગ્નના ત્રણ ચાર વર્ષ પછી અમિત અને રેશ્મા વચ્ચે અણબનાવ બનતાં નોટરીનું લખાણ કરીને છુટાછેડા કર્યા હતાં. જો કે ચાર પાંચ મહિના બાદ તેણી ફરીથી મારા ભાઇ અમિત સાથે રહેવા આવી ગઇ હતી.

અમિતના લગ્ન જીવનમાં તેણી એક દિકરો-દિકરીની માતા બની છે. જેમાં દિકરો હાલ સોળ વર્ષનો અને દિકરી ચૌદ વર્ષની છે. મારા કાકાના દિકરા અમિતની પત્નિ રેશ્મા છેલ્લા પાંચ-છ વર્ષથી પાંચ છ વખત કોઇની ને કોઇની સાથે જતી રહેતી હતી. બે ત્રણ મહિને તે પાછી આવી જતી હતી. આ કારણે અમિત ખુબ જ માનસિક રીતે હેરાન પરેશાન રહેતો હતો. સતત ટેન્શનમાં રહેતો હતો. છેલ્લે ત્રણ મહિના પહેલા રેશ્મા તેના બંને બાળકોને સુતા મુકીને રાતે કોઇ વ્યક્તિ સાથે ભાગી ગઇ હતી. એ પછી અમિતને તેના મોબાઇલમાં રેશ્માએ ફોન કરી કહેલું કે-હવે હું તારી સાથે રહેવા નહિ આવું, હવે હું કિશન ગમારા સાથે રહુ છું.

આ રીતે રેશ્મા જ્યારે પણ આવુ કરતી અમિત અમારા ઘરે આવીને વાત કરતો હતો. આ દરમિયાન હવે કિશન પણ અમિતને ફોન કરતો હતો અને રેશ્મા તથા તેના બાળકો બાબતે ધમકાવતો હતો અને કહેતો હતો કે તારી સાથે લપ કરવાની થાય છે, તું ગમે ત્યાં મળ, તું દેવપરામાં શક્તિ હોટલ પાસે આવ. આમ કહી કિશન સતત ફોન કરી હેરાન કરતો હતો. દરમિયાન ગત છ જુનના હું સોરઠીયાવાડી સર્કલ પાસે હહોટલે હતો ત્યારે ભત્રીજા અયાન અમિતભાઇ પઠાણનો ફોન આવ્યો હતો કે કાકા જલ્દી આવો મારા પપ્પાને ખુબ ઉલ્ટી થાય છે, મેં ૧૦૮ બોલાવી છે. આથી હું તુરત વિવેકાનંદનગરમાં ભાઇ અમિતના ઘરે પહોંચ્યો હતો. ત્યાં મારા બીજા કાકાનો દિકરો રીઝવાન પણ હતો. અમે અમિતને હોસ્પિટલે લઇ ગયા હતાં. જ્યાં ઇમર્જન્સીમાં સારવાર દરમિયાન મૃત્યુ થઇ ગયું હતું. અમિતને તેની પત્નિ રેશ્મા તેના હાલના પ્રેમી કિશન સાથે મળી ખુબ હેરાન કરતી હોઇ એ કારણે અમિતે ઝેર પી લીધાનું અમને જણાયું હતું. આ દરમિયાન અમે અમિતનો ફોન ચેક કરતાં તેમાં એક વિડીયો જોવા મળ્યો હતો. જેમાં અમિત કહેતો હતો કે-મારી ઘરવાળી રેશ્મા ત્રણ મહિનાથી જતી રહી છે, મને બધી રીતે હેરાન કરે છે, તે કહે છે છોકરા જોઇએ છે, જો છોકરા જોઇએ છે તો ભાગી શું કામ? હવે મારે જે પગલા ઉપાડવા છે તેના લીધે ઉપાડવા પડે છે. મને એ જીવવા દેતી નથી, મરવા દેતી નથી, હવે જે કાંઇ થાય તેની જવાબદારી રેશ્મા અને તેની સાથે રહેતાં કિશનની અને તેની કાલાવડ રહેતી બહેન તસ્લીમ અને ઇરફાના આ બધા ભેગા થઇને મને શાંતિથી રહેવા દેતાં નથી. તેથી મારે આ પગલા ઉપાડવા પડે છે. અ ... વિડીયો તા. છઠ્ઠી જુનના ના રાતે ... બાર કલાક અઠ્ઠાવીસ મિનીટે બનાવ્યો ... હતો. મારા ભાઇને તેની પત્નિ ... રેશ્મા, કિશન, રેશ્માની બહેનો હેરાન કરતી હોઇ તે મરવા મજબૂર થયો હતો. તેમ અબઝલભાઇએ જણાવતાં ઇન્સપેક્ટર જે. ... ડી. પરમારના માર્ગદર્શનમાં પીએસઆઇ વી. એલ. ... રાઠોડ, એએસઆઇ ... નિલેષભાઇ ... માકવાણા સહિતે ... ગુનો નોંધી ... તપાસ શરૂ કરી ... આરોપીઓને ... ઝડપી લેવા ... તજવીજ કરી ... હતી.



# જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જઇએ, ચાલ ને દોસ્ત બબ્બે પેગ ઢીંચી લઇએ!

**ગ્રીનલેન્ડ ચોકડીએ પાણીના ટાંકાની અગાસીએ દારૂની મહેફીલ માણતા ૭ પકડાયા: બે બાટલીયું ખાલી કરી ગયા હતાં: બી-ડિવીઝન પોલીસે સાતેયનો નશો ઉતારી નાંખ્યો**

રાજકોટ: તા. ૧૪

પીને વાલે કો પીને કા બહાના ચાહીએ, બહાનુ ન હોય તો પણ પ્યાસીઓ જ્યાંથી જે મળે તે અને જે સ્થળે બેસવાની જગ્યા મળે ત્યાં બાટલીઓ લઇને બેસી જતાં હોય છે.

આ વચ્ચે શહેરના કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસે સરકારી પાણીના ટાંકાની અગાસી પર દારૂની મહેફીલ જમાવીને બેઠેલા ૭ શખ્સોનો નશો બી-ડિવીઝન પોલીસની ટીમ ત્રાટકતા ઉતરી ગયો હતો.

પોલીસે દારૂની ખાલી બોટલો, બાયટીંગ, ગ્લાસ, પાણી વગેરે કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

વિગતો જોઇએ તો બી ડીવીઝન પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ જગમાલભાઈ ગોપાલભાઈ જાદવ તથા હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ પ્રમજીભાઈ ચાવડા સહિતનો સ્ટાફ સરકારી વાહનને બદલે ખાનગી વાહનમાં વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો.

આ વખતે ગ્રીનલેન્ડ ચોકડી પાસે પહોંચતા હેડ કોન્સ્ટેબલ નરેશભાઈને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે ચોકડી પાસે આવેલા સરકારી પાણીના ટાંકાની અગાસી ઉપર કેટલાક શખ્સો એકઠા થઈને ગેરકાયદેસર રીતે દારૂની મહેફિલ માણી રહ્યા છે. આને આધારે પોલીસે દરોડો પાડતાં ટાંકાની અગાસી પર ગોળ કુંડાળું વળીને બેઠેલા શખ્સોમાં દોડધામ મચી ગઈ હતી. પણ પોલીસે તમામને કોર્ડન કરી લીધા હતાં.

સાતેય શખ્સોના હાથમાં પ્લાસ્ટિકના ગ્લાસ હતા અને તેઓ કેફી પ્રવાહી પી રહ્યા હતા. તમામની આંખો નશાના કારણે ઘેરાયેલી હતી અને બોલવામાં જીભ થોથરાતી હતી.

મોઢામાંથી તીવ્ર દારૂની વાસ આવતી હોવાથી પોલીસે કાર્યવાહી કરી હતી.

પોલીસ પુછતાછ થતાં સાતેયએ પોતાના નામ નિખિલ જીલુભાઈ કરપડા (ઉ.વ.૩૩-રહે. રાજલક્ષ્મી સોસાયટી, હરીઘવા રોડ), અજીત બટુકભાઈ ગોંડલીયા (ઉ.વ.૪૬, ગોકુલનગર, સંતકબીર રોડ), વિશાલ બાલકદાસ સરપદડીયા (ઉ.વ.૩૩, રહે. શિવનગર, આર.ટી.ઓ. ઓફીસ પાછળ મુળ સતીયા, કાલાવડ), સંજય મગનભાઈ વાઘેલા (ઉ.વ.૩૦-રહે. શિવમ સોસાયટી, આર.ટી.ઓ. ઓફીસ પાછળ, મુળ પીપળીયા ચોટીલા), કિશન છબીલદાસ સરપદડીયા(રહે. આંબાવાડી આવાસ ક્વાર્ટર, સંતકબીર રોડ, મુળ સતીયા), રાજેશ અમીરશીભાઈ બાબરીયા (ઉ.વ.૪૩, રહે. ભગવતીપરા) અને અમીત જેશંગભાઈ બાબરીયા (ઉ.વ.૪૬-રહે. શીતલપાર્ક, રેલનગર) જણાવ્યા હતાં.

પોલીસે પોલીસને રેઇડ દરમિયાન રોયલ ચેલેન્જ દારૂની બે ખાલી બોટલ, પ્લાસ્ટીકની બે ભરેલી એક ખાલી પાણીની બોટલો, નમકીનના પકેટસ સહિત કબ્જે કરી અમુક ચીજોનો પંચની હાજરીમાં નાશ કર્યો હતો. પીઆઇ જી. આર. ચૌહાણની રાહબરીમાં પીએસઆઇ એસ. એન. શ્યોરા અને ટીમે આ કામગીરી કરી હતી.

**સતત બની રહી છે એક સરખી ઠગાઇની ઘટના છતાં લોકો નથી લઇ રહ્યા ધડો**

# વિઝાના નામે દંપતિ લાખોમાં છેતરાયું

રાજકોટ: તા. ૧૪

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે ઠગાઇના કિસ્સા સતત બનતા રહે છે. અનેક લોકો છેતરાઇ ગયા છે છતાં બીજા જાણે છેતરાઇ જવા માટે તૈયાર જ ઉભા હોય તેમ બીજી ઘટનાઓમાંથી ધડો ન લઇ લેભાગુ એજન્ટોને નાણા ધરી રહ્યા છે. એક દંપતિએ કેનેડાના વર્ક પરમીટ વિઝાના નામે ચાર લોકોને સોળ લાખનો ડામ દઇ દીધો હતો. બીજી ઘટનામાં યુકેના વિઝાના સત્યાવીસ લાખ મેળવી લીધા બાદ વિઝા ન મળતાં એજન્ટે અમુક રકમ પાછી દીધી હતી. પણ અગીયાર લાખ ચુકવવાના બાકી હોઇ આ લેણી રકમ માટે તેના ઘરે બે જણાએ મોડી રાતે ધમાલ મચાવી હતી.

પ્રથમ ઘટના જોઇએ અમદાવાદના દંપતી અને બે બાળક મળી ચાર લોકોને કેનેડાના પીઆર અને વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને ન્યૂ રાણીપના વિઝા કન્સલ્ટન્ટ એજન્સીના સંચાલક દંપતી અને મૅનેજરે સોળ લાખ પડાવી લીધા હતા. ન્યૂ ગોતામાં ભૂમિ પંચાલ, પતિ સાગર તથા દીકરા પિનાર અને દીકરી નિધિશ્રી સાથે રહે છે. પરિવારને પીઆર અને વર્ક પરમિટ પર કેનેડા જવાનું હોવાથી પ્રનિલ એજ્યુકેશન એલએલપીની ન્યૂ રાણીપસ્થિત ઑફિસે જઈ મૅનેજર સુરભી ઓઝા અને ડાયરેક્ટર અરવિંદ તિવારી અને પત્ની કોમલ તિવારીને મળ્યા હતા. રૂ. ૩૨ લાખમાં ચારેય સભ્યના વિઝા અપાવવાનું કહ્યું હતું.




**સાંઇઠ દિવસમાં વિઝાના નામે સોળ લાખ ખંખેરી લીધા: બીજી ઘટનામાં યુકેના વિઝા ન મળતાં પાછા લેવાના થતાં અગીયાર લાખ મામલે એજન્ટના ઘરે ધબધબાટી**

આથી ઍડ્વાન્સ પેટે રૂ. ૩.૨૫ લાખ ચેકથી અને રૂ.૨.૫૦ લાખ રોકડા લીધા હતા. સાંઇઠ દિવસમાં -ોસેસ પૂરી કરવાની બાંહેધરી આપી ટુકડે-ટુકડે ૧૬.૦૫ લાખ લીધા હતા. પરમિટની -ક્રિયા ચાલુ હોવાનું કહી છેતરપિંડી કરી હતી. જોકે ૩ વર્ષથી પણ વધુ સમય થયો છતાં વિઝા ન મળતા કે પૈસા પરત ન મળતાં ત્રણેય સામે પોલીસ ફરિયાદ નોંધાવાઇ હતી.

બીજી એક ઘટના જોઇએ તો ગાંધીનગરમાં વિદેશ જવાના વર્ક પરમિટ વિઝા ન મળતા બાકી નીકળતા રૂપિયા ૧૧ લાખ વસૂલવા સરગાસણ વિસ્તારમાં આવેલા સામવેદ ગ્રીનવેલી લેટમાં રહેતા વિઝા એજન્ટના ઘરે બે માથાભારે શખ્સોએ દરવાજો જોરજોરથી ખખડાવી આખા પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી સોસાયટીમાં ભયનો માહોલ ઉભો કર્યો હતો. આ મામલે ઇન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સામવેદ ગ્રીનવેલીમાં રહેતા છપ્પન વર્ષીય પ્રવિણભાઈ મણીલાલ શ્રીમાળીનો પુત્ર વિપુલ શ્રીમાળી કુડાસણ ખાતે એર ઈમીગ્રેશન નામે ઓફિસ ચલાવી વિઝા કન્સલ્ટન્સીનું કામ કરે છે.

વિપુલે કેતુલ પટેલ નામના વ્યક્તિ પાસેથી યુ.કે.ના વર્ક પરમિટ વિઝા અપાવવા માટે રૂપિયા ૨૭ લાખ લીધા હતા. જો કે વિઝા ન મળતા વિપુલે રૂપિયા ૧૬ લાખ પરત કર્યા હતા. જ્યારે ૧૧ લાખ ચૂકવવાના બાકી હતા. આ બાકી નાણાંની ઉઘરાણી માટે કેતુલ પટેલ અને તેના સાથીદારોએ સવારે વિપુલની ઓફિસે જઈને ધમકી આપી ડેરો જમાવ્યો હતો. ઓફિસે હોબાળો કર્યા બાદ મામલો વધુ બિચક્યો હતો. તેમજ મધરાતે કેતુલ પટેલનું ઉપરાણું લઈને રાંધેજાનો ધ્રુવ રાજુભાઈ પટેલ તથા કોબાનો ધ્રુવ પટેલ અને અન્ય અજાણ્યા શખ્સો હથિયારધારી બનીને ફરિયાદી પ્રવિણભાઈના લેટ પર પહોંચ્યા હતા. આ શખ્સોએ મધરાત્રે સોસાયટીમાં આતંક મચાવી ફરિયાદીના ઘરનો દરવાજો જોરજોરથી ખખડાવી તોડફોડ શરૂ કરી હતી. આરોપીઓએ બૂમો પાડીને ધમકી આપી હતી કે, કેતુલ પટેલના બાકી પૈસા આપી દો, નહિતર જાનથી મારી નાખીશું. મધરાત્રે અચાનક બનેલી આ ઘટનાથી આખો પરિવાર ધ્રૂજી ઉઠ્યો હતો અને ડરના માર્યા ઘરનો દરવાજો ખોલ્યો ન હતો. બાદમાં પોલીસ ફરિયાદ દાખલ કરાવાઇ હતી.

# સાંઢીયો પુલ લોકાર્પીત

## ૭૪.૩૨ કરોડના ખર્ચે નિર્માણાધીન બ્રિજનું લોકાર્પણ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી





રાજકોટ, ૧૩ જૂન

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગઈકાલે રાજકોટ ખાતે નવનિર્મિત ૪-લેન રેલ્વે ફલાયઓવર બ્રિજ-સાંઢિયા પુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જામનગર રોડ ઉપર રૂ. ૭૪.૩૨ કરોડના ખર્ચે આ અદ્યતન બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ રેલવે ફલાયઓવર બ્રિજ ખુલ્લો મૂકાતા રાજકોટવાસીઓનું પરિવહન વધુ ઝડપી તેમજ સુવિધાજનક બન્યું છે. આ બ્રિજ કાર્યરત થતાં અંદાજિત ૫૦ હજાર જેટલા વાહનોને રોજિંદી ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે. ઉલ્લેખનીય છે કે, આ બ્રિજની કુલ લંબાઈ ૬૭૮ મીટર અને કુલ પહોળાઈ ૧૬.૨૪ મીટર છે. રેલ્વે ટ્રેકથી આ પુલની ઊંચાઈ ૬.૨૫ મીટર છે.

લોકાર્પણ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીને ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તકતી અનાવરણ બાદ નાયબ મુખ્યમંત્રીએ વરિષ્ઠ અધિકારીઓ પદાધિકારીઓ સાથે આ નવનિર્મિત બ્રિજનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે બ્રિજ ઉપર થોડા થોડા અંતરે ફુગ્ગાને હવામાં તરતા મૂકીને નાયબ મુખ્યમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે નાયબ મુખ્યમંત્રીએ સૌ ઉપસ્થિતોનું અભિવાદન ઝીલ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સાંસદ સર્વે પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, તેમજ ધારાસભ્યો સર્વે ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સહિતના અગ્રણીઓ તેમજ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશ સહિતના પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવનિર્મિત બ્રિજ આધુનિક ઇજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. બ્રીજની કુલ લંબાઈ ૬૭૮ મીટર કુલ પહોળાઈ ૧૬.૪૦ મીટર કેરેજ-વે બંને બાજુ ૭.૫૦ મીટર પહોળાઈના સુવિધાજનક માર્ગો ઊંચાઈ રેલવે ટ્રેકથી ૬.૨૫ મીટરની ક્લીયર ઊંચાઈ નિર્માણ કાર્ય ૧૫ માર્ચ, ૨૦૨૪ના રોજ કામગીરી શરૂ કરવામાં આવી હતી.બાંધકામ સામગ્રી ૧૨૦ નંગ પી.એસ.સી. ગર્ડર, ૭ સ્ટીલ ગર્ડર, ૨૨ પિઅર અને ૨૯ સ્ટીલ કોલમનો ઉપયોગ રેલવે ટ્રેક ઉપર ટ્રાફિકને અવરોધ ન પડે તે માટે 'સ્ટીલ ગર્ડર લોન્ચિંગ ટેકનોલોજી'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનાથી માત્ર ૨-૩ કલાકના બ્લોકમાં જ મહત્વની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરાઈ હતી. ભવિષ્યમાં રેલવે ટ્રેકનું વિસ્તરણ થાય તો પણ કોઈ મુશ્કેલી ન નડે તેવી રીતે આ બ્રિજની ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. આ બ્રિજ પર ડેકોરેટિવ ઇલ્યુમિનેશન અને આધુનિક લાઈટિંગની વ્યવસ્થા કરવામાં આવી છે, જે રાત્રિના સમયે પણ વાહનચાલકો માટે સલામતી અને સૌંદર્ય પ્રદાન કરશે. દરરોજ અંદાજે ૫૦,૦૦૦થી વધુ વાહનચાલકોને આ પ્રોજેક્ટથી સીધો લાભ મળશે. આ પ્રોજેક્ટ રાજકોટના આધુનિક પરિવહન માળખાને વધુ સુદ્રઢ બનાવશે અને ટ્રાફિકની ગંભીર સમસ્યામાંથી નાગરિકોને મોટી મુક્તિ અપાવશે.

રાજકોટના જામનગર રોડ ઉપર સાંઢિયાપુલનું ગઈકાલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ થયુ તે કાર્યક્રમમાં ભાગ લેવા માટે મહાનગરપાલિકાના તમામ નગર સેવકો ઇલેકટ્રીક બસમાં બેસીને પહોંચ્યા હતા. વડાપ્રધાને ઇંધણ બચાવવા કરેલી અપીલના પગલે તમામ કોર્પોરેટરો પોતાના વાહનો સેન્ટ્રલઝોન કચેરીએ રાખી ત્યાથી ઇલેક્ટ્રિક બસમાં બેસી સાંઢિયાપુલ ખાતે કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા. જો કે, કાર્યક્રમ પુરો થયા બાદ ગણયાગાંઠયા કોર્પોરેટરો જ ફરી બસમાં બેસી સેન્ટ્રલ ઝોન કચેરીએ પહોંચ્યા હતા.જયારે બાકીનાએ કાર્યક્રમ સ્થળે પોતાની કારો મંગાવી લીધી હતી અને ત્યાંથી નાયબ મુખ્યમંત્રીના કાફલામા જોડાઇ ગયા હતા.

# ઈઝ ઓફ ડુઈંગ પર ભાર મૂકશે સરકાર

## ઔદ્યોગિક વિકાસને નવી ગતિ અને દિશા આપતી 'ઔદ્યોગિક નીતિ' જાહેર

રાજકોટ, તા. ૧૩

ગુજરાત સરકાર રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ અને નવી દિશા આપનારી બહુપ્રતિક્ષિત ''ઔદ્યોગિક નીતિ-૨૦૨૬''નું ૧૫ જૂનના રોજ અનાવરણ કરવા જઈ રહી છે. ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાનારા વિશેષ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા રાજ્યના નવા ઔદ્યોગિક વિકાસ રોડમેપનું લોકાર્પણ કરવામાં આવશે. નવી નીતિ ઔદ્યોગિક વિકાસને વેગ આપવા, રોકાણો આકર્ષવા, નવીનતાને પ્રોત્સાહન આપવા, રોજગારીની તકો ઉભી કરવા અને ભારતના અગ્રણી ઔદ્યોગિક અને રોકાણ સ્થળ તરીકે ગુજરાતની સ્થિતિને મજબૂત બનાવવા માટે એક સર્વાંગી રોડમેપ પ્રદાન કરશે તેવી અપેક્ષા છે.

આગામી ઔદ્યોગિક નીતિમાં ઊફતય જ્ઞર ઉજ્ઞશક્ષલ ઈીતશક્ષયતતને વધુ સરળ બનાવવું, અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન આપવું, ખજખઊ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવું, ટેક્નોલોજી આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવું તેમજ ઉભરતા અને ઉચ્ચ વિકાસ સંભાવના ધરાવતા ક્ષેત્રોમાં રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવાના મુદ્દાઓને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે તેવી સંભાવના છે. વર્ષોથી, ગુજરાત સ્થાનિક અને વૈશ્વિક રોકાણો માટે એક પસંદગીનું સ્થળ તરીકે ઉભરી આવ્યું છે, જેને વિશ્વ કક્ષાની માળખાગત સુવિધાઓ, સક્રિય શાસન, મજબૂત કનેક્ટિવિટી અને કુશળ કાર્યબળનો ટેકો મળ્યો છે. નવી ઔદ્યોગિક નીતિ આ શક્તિઓ પર નિર્માણ કરશે અને ગુજરાતના આર્થિક વિકાસ, રોકાણ આકર્ષણ અને ઔદ્યોગિક સ્પર્ધાત્મકતાને વધુ વેગ આપશે તેવી અપેક્ષા છે.

અત્યાર સુધી, રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ ધરાવતા ઉદ્યોગોને મેગા ઇન્ડસ્ટ્રીઝ તરીકે ગણવામાં આવતા હતા અને તેમને 'આત્મનિર્ભર ગુજરાત' યોજના હેઠળ ખાસ લાભો અપાતા હતા. સૂત્રોએ જણાવ્યું કે, સરકારે હવે પોલિસીમાં જ અલ્ટ્રા મેગા ઉદ્યોગોની અલગ કેટેગરી બનાવવાનું નક્કી કર્યું છે, જેમાં સૂચિત રોકાણ, રોજગારની ગેરંટી અને પ્રોત્સાહનોની સ્પષ્ટ વ્યાખ્યા હશે. આવા ઉદ્યોગોને મૂડી રોકાણ પર ૪૦% સુધીનું ઇન્સેન્ટિવ મળશે અને તેઓ કેપિટલ સબસિડી, વ્યાજ સબસિડી અને વીજળી દરમાં રાહત જેવા વિકલ્પો પસંદ કરી શકશે.

આ યાદીમાં સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી, ન્યુક્લિયર પાવર ઇક્વિપમેન્ટ, વ્હીકલ સ્ક્રેપિંગ ફેસિલિટી, ઇલેક્ટ્રોનિક વેસ્ટ રિસાયકલિંગ, ટેક્સટાઇલ વેસ્ટ રિસાયકલિંગ, શિપિંગ કન્ટેનર મેન્યુફેક્ચરિંગ, હેવી અર્થ મૂવિંગ ઇક્વિપમેન્ટ, રોબોટ અને ડ્રોન મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. જ્યારે ગ્રીન એનર્જી, કેપિટલ ઇક્વિપમેન્ટ, કાપડ, એગ્રો-ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ અને હેલ્થકેર જેવા ક્ષેત્રો અગાઉથી જ સામેલ છે. ગુજરાતની આ આગામી ઔદ્યોગિક નીતિમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલા ઉદ્યોગોને શહેરી વિસ્તારની બહાર સ્થળાંતર કરવા પ્રોત્સાહિત કરવા માટે એક મહત્વાકાંક્ષી યોજના પ્રસ્તાવિત કરવામાં આવી છે. આ સ્કીમનું નામ પ્રોજેક્ટ ઝઇંછઈંટઊ રાખવામાં આવ્યું છે, જે સ્થળાંતરને સરળ બનાવવા માટે નાણાકીય પ્રોત્સાહનો, નિયમોમાં છૂટછાટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સપોર્ટ પૂરો પાડશે.

# નાયબ મુખ્યમંત્રીની નરેશ પટેલ સાથે બંધ બારણે બેઠા

## અચાનક મુલાકાતથી રાજકારણ ગરમાયુંઃ નરેશ પટેલના રાજકીય સંન્યાસના નિવેદન બાદ આ બેઠક યોજાઈ



રાજકોટ, તા..૧૩

ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન અને સમાજના અગ્રણી આગેવાન નરેશ પટેલના નિવાસસ્થાને રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની મુલાકાત બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચાઓનો દોર શરૂ થયો છે. બંને નેતાઓ વચ્ચે થયેલી બેઠકને લઈને વિવિધ પ્રકારની અટકળો વ્યક્ત કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજકોટની એસ્ટ્રોન સોસાયટીમાં આવેલા નરેશ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અહીં બંને વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હોવાનું જાણવા મળ્યું છે. જોકે બેઠકનો સત્તાવાર એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી.તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન નરેશ પટેલે હવે હું આરામ કરીશ પ્રકારનું નિવેદન આપ્યું હતું, જેના કારણે તેમના આગામી સામાજિક અને જાહેર જીવનને લઈને ચર્ચાઓ શરૂ થઈ હતી. આ નિવેદન બાદ થયેલી આ મુલાકાતે રાજકીય ચર્ચાઓને વધુ વેગ આપ્યો છે.

બેઠક બાદ રાજકીય વિશ્લેષકો અને વિવિધ વર્તુળોમાં અનેક પ્રકારની અટકળો વ્યક્ત થઈ રહી છે. કેટલાક લોકો આ મુલાકાતને માત્ર સૌજન્ય મુલાકાત ગણાવી રહ્યા છે, જ્યારે કેટલાક તેને ભવિષ્યના રાજકીય સમીકરણો સાથે પણ જોડી રહ્યા છે. નરેશ પટેલના રાજકારણમાં પ્રવેશ અંગે અગાઉ પણ અનેક વખત ચર્ચાઓ થઈ ચૂકી છે. જોકે તેમણે અત્યાર સુધી કોઈ સત્તાવાર રાજકીય ભૂમિકા સ્વીકારી નથી. હાલની બેઠક બાદ ફરી એકવાર સવાલ ઊભો થયો છે કે શું તેઓ ભવિષ્યમાં રાજકીય ઇનિંગની શરૂઆત કરશે કે પછી જાહેર જીવનમાં અન્ય કોઈ નવી જવાબદારી સંભાળશે?

હાલ બેઠકને લઈને કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. તેથી બેઠકમાં શું ચર્ચા થઈ અને તેનો રાજકીય અર્થ શું છે તે અંગે સ્પષ્ટતા માટે સૌની નજર આગામી દિવસોમાં આવનારી પ્રતિક્રિયાઓ પર રહેશે. રાજકોટ પ્રવાસ દરમિયાન હર્ષ સંઘવી નરેશ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને બંને વચ્ચે મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત બાદ રાજકીય ગલિયારાઓમાં વિવિધ ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. ખાસ કરીને તાજેતરમાં નરેશ પટેલે ખોડલધામની જવાબદારીઓમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હોવાને કારણે આ મુલાકાત વધુ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ૨૦૨૭ની ચૂંટણી પહેલા રાજ્યમાં નવા રાજકીય સમીકરણો રચાઈ શકે છે. આવી સ્થિતિમાં હર્ષ સંઘવી અને નરેશ પટેલની મુલાકાતને લઈને અનેક સવાલો ઉભા થયા છે. જો કે, નરેશ પટેલે આ મુલાકાતને સંપૂર્ણપણે સામાજિક ગણાવી છે. મુલાકાત અંગે સ્પષ્ટતા કરતાં નરેશ પટેલે જણાવ્યું કે, હર્ષ સંઘવી મારા ઘરે આવ્યા હતા. આ માત્ર સામાજિક મુલાકાત હતી. અન્ય કોઈ રાજકીય ચર્ચા થઈ નથી. માત્ર સામાજિક મુદ્દાઓ પર જ વાતચીત થઈ હતી.

નરેશ પટેલના આ નિવેદન છતાં રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. કારણ કે ભૂતકાળમાં પણ નરેશ પટેલનું નામ સક્રિય રાજકારણ સાથે અનેક વખત જોડાતું રહ્યું છે. તેથી બંને વચ્ચેની આ મુલાકાત સામાન્ય હતી કે તેના પાછળ કોઈ રાજકીય સંકેત છુપાયેલો છે, તેવી ચર્ચાઓ ચાલી રહી છે. આગામી જાન્યુઆરી ૨૦૨૭માં કાગવડ સ્થિત ખોડલધામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ૧૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે આ પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા ભવ્યાતિભવ્ય 'દશાબ્દી મહોત્સવ ૨૦૨૭'નું આયોજન કરવામાં આવ્યું છે. દશાબ્દી મહોત્સવના આયોજનના ભાગરૂપે ૨૩ મેએ ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશ પટેલે સર્વ સમાજને આમંત્રણ આપવા માટે માતાજીના અલગ અલગ ત્રણ રથને રાજકોટથી પ્રસ્થાન કરાવ્યું હતું જે સમગ્ર ગુજરાતમાં ફરી લોકોને ફરી આ આયોજનને ભવ્યાતિભવ્ય બનાવવા આમંત્રણ આપશે.

# માલીયાસણ - જીયાણા ગ્રામ પંચાયતની મુલાકાતે કલેક્ટર

## વહીવટ તથા રેકર્ડની ચકાસણીઃ ચોમાસા ને ધ્યાને લઈ લોકોને અગવડતા ન પડે તે માટે વિશેષ આયોજન



રાજકોટ, તા. ૧૩

રાજ્ય સરકાર દ્વારા જરૂરિયાતમંદ તથા મધ્યમ વર્ગના લોકોને સરકારી સહાય નો લાભ મળતો રહે તે હેતુસર અનેકવિધ યોજનાઓની અમલવારી સ્થાનિક પ્રશાસનના વર્ડ પણ હેઠળ યોજાય તેવી વ્યવસ્થા ઉભી કરી છે. ત્યારે ઘણા ખરા કિસ્સાઓમાં લાભાર્થીઓને સરકારી યોજનાઓ લાભ મળે છે કે કેમ તે અંગે યોગ્ય માહિતી મેળવવા માટે હાલ સ્થાનિક પ્રશાસન દ્વારા વિવિધ વિસ્તારોમાં પહોંચી કામગીરી અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે ગઈકાલે કલેકટર દ્વારા માલીયાસણ અને જીયાણા ગામની મુલાકાત લેવામાં આવી હતી અને ગ્રામ પંચાયતના વહીવટ તથા રેકોર્ડને તપાસવામાં આવ્યા હતા. સાથોસાત કલેકટરના સરપ્રાઈઝ ચેકિંગ થી સ્થાનિક પ્રશાસનમાં ફફડાટ મચી ગયો હતો.

રાજકોટ જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશએ રાજકોટ તાલુકાના માલીયાસણ અને જીયાણા ગામની એકાએક ઓચીંતી મુલાકાત લઈ ગ્રામ પંચાયતના વહીવટ-રેકર્ડની તપાસણી કરી હતી. કલેકટર ડો.ઓમપ્રકાશ આ બંને ગામમાં પંચાયતના વહીવટનું સરપ્રાઈઝ ચેકીંગ કરતા કર્મચારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. કલેકટર ડો.ઓમપ્રકાશએ માલીયાસણ અને જીયાણા ગામની લીધેલી આ મુલાકાત દરમિયાન તેઓએ પંચાયતના દૈનિક વહીવટ સરકારી યોજનાઓના અમલીકરણના દસ્તાવેજો રેકોર્ડ સહિતની બાબતોની ચકાસણી કરી હતી. આ ઉપરાંત ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ અને વહીવટી કામગીરીમાં કોઈ ખામી ન રહે તે માટે તેઓએ તલાટી કમ મંત્રીને જરૂરી સુચના આપી હતી.કલેકટર ડો.ઓમપ્રકાશએ માલીયાસણ અને જીયાણા ગામમાં સરકારી પ્રાથમીક શાળા આરોગ્ય કેન્દ્ર, પીવાના પાણી સહિતની વ્યવસ્થાઓનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત તેઓએ ગામની સ્વચ્છતાનું પણ નિરીક્ષણ કર્યું હતું. તેમજ આગામી ચોમાસાને લક્ષમાં લઈ રોગચાળો ન ફેલાય તેમજ ગ્રામજનોને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે તેઓએ અસરકારક કામગીરી કરવા માટે સબંધિત વિભાગોના અધિકારીઓને જરૂરી સુચના આપી હતી. આ મુલાકાત દરમ્યાન કલેકટર ડો. ઓમપ્રકાશને ગ્રામજનોના પ્રશ્નો - રજૂઆત પણ સાંભળી હતી. જેમાં રસ્તા,પાણી, અને સરકારી સહાયના પ્રશ્નોથી તેઓ વાકેફ થયા હતા. આ પ્રશ્નોના નિરાકરણ માટે તેઓએ અધિકારીઓને જરૂરી સુચના આપી હતી.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે જિલ્લાના તમામ ૧૧ તાલુકામાં લોકોને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટે તમામ જરૂરી આયોજનનો હાથ ધરવામાં આવશે. એટલું જ નહીં સરકારી યોજનાનો યોગ્ય લાભ લોકો સુધી પહોંચતો રહે તે માટેની વ્યવસ્થા પણ ઉભી કરાશે. જેને લઇ મામલતદાર તથા પ્રાંત અધિકારીને પણ સૂચિત કરી દેવામાં આવ્યા છે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in
(મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
નાગરિક વ્યાપાર મિત્ર ધિરાણ યોજના
વ્યાજદર ફક્ત ૯.૫૦% થી
ધિરાણમાં ફિક્સ રેટ
નહિવત ડોક્યુમેન્ટ
રૂા. ૫૦ લાખ સુધી ધિરાણ સુવિધા
મુદ્દતઃ મહત્તમ ૧૪૪ માસ
પ્રોસેસ ચાર્જઃ 0.૫0%
*શરતોને આધીન
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 85117 85085માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક
PROUDLY CO-OPERATIVE
સહકારથી સમૃદ્ધિ